॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૩૦ સપ્ટેમ્બર - ૨૦૨૧ રૂ. ૫/૦૦















વિશેષ હિંડોળા ઉદ્‌ઘાટનનો લાભ લેતા યજમાન પરિવાર પૂજ્ય મહંત સ્વામી આદિ સંતો સાથે - ભુજ



ગુરુપૂર્ણિમાના દિને ત્રિરાત્રીય સત્સંગ સભા - ભુજ











હિંડોળા ઉદ્‌ઘાટન તથા કાજુ ઉત્સવ- અંજાર



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૦ અંક-૨ સપ્ટેમ્બર-૨૦૨૧
વર્ષ : ૩૮ - સળંગ અંક-૪૩૦

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


## અનુક્રમણિકા


- તંત્રીની કલમે ૪
- શિક્ષાપત્રી ૫
- ભુજશ્રી સ્વામિનારાયણ મંદિરના ૨૫ સંતોને સંસ્કૃતનો ૭
- ગણેશ ચતુર્થી–ભાદરવા સુદ–૪ ૯
- પરિવર્તિની એકાદશી (ભાદરવા સુદ એકાદશી) ૧૧
- વામન જયંતી (ભાદરવા સુદ–૧૨) ૧૪
- કવિ બ્રહ્માનંદની કમનીય કીર્તન કળા ૧૬
- ભક્તવત્સલ ભગવાન ૧૭
- ધર્મ અને વ્યાખ્યાઓ ૧૮
- મુસ્લિમ ભક્ત મિયાજી ૧૯
- મારા જનને અંતકાળે....! ૨૦
- સંત્સગ સમાચાર-દેશ ૨૧
- શ્રીઘનશ્યામ બાળસંદેશ ૩૨
- સંત્સગ સમાચાર-વિદેશ ૩૪


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર–અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે



આપણા સંપ્રદાયમાં હિંડોળા મહોત્સવનું અનેરું, આગવું અને વિશિષ્ટ સ્થાન છે. જેમ ખેડૂત ચાતક નજરે વર્ષાના આગમનની પ્રતીક્ષા કરતા હોય છે તેવી જ આતુરતાથી હરિભક્તો આ મહોત્સવની રાહ જોતા હોય છે. દર વર્ષે અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ સુધી હૈયામાં હર્ષ સાથે ઉમંગભેર આ મહોત્સવ ઉજવાય છે.

સંત કવિ પ્રેમાનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં લખ્યું છે કે,<br>
‘‘સારંગ હિંડોળે શ્યામ બિરાજે, ઝૂલે હરી જમુનાના તીરે રે,<br>
રેશમદોરી લઈ રંગભીની રાધા, ઝૂલાવે ધીરે ધીરે રે’’

વૃંદાવનની કુંજગલીઓમાં વૃક્ષની ડાળીએ હિંડોળો બાંધીને ગોપીઓ શ્રીકૃષ્ણને પ્રેમવિભોર થઈને ઝુલાવતી તે ભાવાત્મક ક્રિયાનું વર્ણન પ્રભુ પ્રીતિમાં વૃદ્ધિ કરે છે. હિંડોળો પ્રભુપ્રેમનું પ્રતીક છે. ઠાકોરજીને હિંડોળામાં ઝુલાવવા પાછળનો મર્મ પણ અચૂક છે. હિંડોળાને ઝૂલાવો એટલે તે નજીક આવે અને દૂર જાય ફરી નજીક આવેને દૂર જાય! આવા-ગમનની આ ક્રિયા સૂચવે છે કે પ્રભુને નજીક લાવો તો જીવનમાં આનંદનું આગમન થાય અને ગમનું ગમન થાય! શ્રીજીના સાંનિધ્યથી જીવનમાં આશાનો સંચાર થાય, હર્ષ વ્યાપે અને નિરાશા-ગમગીનીનો નાશ થાય!

શ્રાવણ માસ તો ઉત્સવોથી ભરપૂર મહિનો છે, પરસ્પર પ્રેમ પ્રગટ કરવાનો મહિમા છે મહિનો છે, આનંદનો આવિર્ભાવ કરવાનો મહિનો છે. શ્રીજી મહારાજ મનભરીને ઉત્સવો માણવાની વાત કરી છે જેથી અંતર અંતર વચ્ચેનું અંતર ઘટે, પરસ્પર પ્રેમનો પ્રાદુર્ભાવ થાય અને આત્મીયતા વધે.

શ્રાવણ માસ એટલે શિવપૂજનનો મહિનો. શિવભક્તોની ભક્તિ આ માસમાં પરાકાષ્ઠાએ પહોંચતી હોય છે, આરાધનાનું મહાપર્વ શ્રાવણ માસ છે. મહારાજે શિવપૂજન પોતે કરવું અથવા કરાવવું એવી આજ્ઞા કરી છે. પ્રાર્થના એવી કરવી કે જેમ હે શીવજી! જેમ તમે અખંડ ભગવાનના ધ્યાન પરાયણ રહો છો. તેમ અમારી પૂજાથી રાજી થઈ અમારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં વધુ લગ્ની લાગે એવી કરુણા કરજો.

શ્રાવણ માસ ભક્તિનો મહિનો છે. આજ માસમાં નંદનંદન ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટય થયું છે. એ ભગવાનની ભક્તિના નવ પ્રકાર છેઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, વંદન, અર્ચન, પાદસેવન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. કાયિક, વાચિક અને માનસિક ભક્તિ જ્યારે સંપૂર્ણ શ્રદ્ધાથી ભાવપૂર્વક કરવામાં આવે ત્યારે પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. પ્રભુ પ્રાપ્તિની ભૂમિકા સર્જાય છે.

આપણે પણ આ સ્થિતિને પામવા શ્રીજી મહારાજમાં દાસત્વભાવ સાથેની સંપૂર્ણ શ્રદ્ધા રાખીને દ્રઢતાપૂર્વક ભક્તિ કરીએ જીવન સાર્થક કરીએ.

જય શ્રી સ્વામિનારાયણ

# શિક્ષાપત્રી

હિંમતભાઈ ઠક્કર - રઘુવંશી



પ્રભુને ધરાવેલ નૈવેદ્ય જ પ્રભુપ્રસાદ

"હરેર્વિધાય નૈવેદ્યં ભોજ્યં પ્રાસાદિકં તતઃ ।
કૃષ્ણસેવાપરૈઃ પ્રીત્યા ભવિતવ્યં ચ તૈઃ સદા ॥"

અમારા આત્મનિવેદી ભક્તજન હોય તેમણે ભગવાનને નૈવેદ્ય કરીને ભગવાનનું પ્રસાદી અન્ન જમવું. અને હંમેશા પ્રીતિ વડે આત્મનિવેદી ભક્તોએ ભગવાનની સેવા પરાયણ થવું.

ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે સ્તોત્રાદિકનો પાઠ કર્યા પછી આત્મનિવેદી ભક્ત હોય તેમણે સ્વયં થાળ બનાવી અથવા જેનું અન્ન પોતાને ગ્રહણ કરવા જેવું યોગ્ય હોય એવા બ્રાહ્મણાદિક દ્વારા થાળ બનાવડાવીને ભગવાનને નૈવેદ્ય કરવું. અને ત્યાર પછી આરતી આદિક મહાનૈવેદ્યનો વિધિ સમાપ્ત કરીને ભગવાનની દ્રષ્ટિરૂપ અનુગ્રહ જેને વિષે રહેલો છે, એવું પ્રસાદીનું અન્ન જમવું.

ગૌતમમુનિએ બ્રહ્મપુરાણમાં ભગવાનને નૈવેદ્ય કર્યા વિનાનું અન્ન જમવામાં મહાન દોષ કહેલો છે. અને કહે છે કે જે પુરુષો ભગવાનને અર્પણ કર્યા વિના જમી લે છે તે પુરુષો સાત જન્મ પર્યંત નારકી થાય છે. જમતાં જમતાં કોળિએ કોળિએ ભગવાનનું નામ રટન કરનાર ૧૦,૦૦૦ કરોડ યજ્ઞના પૂણ્ય પામે છે.

સામાન્ય માણસ તો ફેરિયા, હાથગાડી, ધાબાઓ ને હોટલો નો તજજ્ઞ છે.

"હાથલારી હોટલ ની ખાણીપીણી,
તન-મન સ્વાસ્થ્ય ને હણનારી,
સ્વપાકી બનાવે ઉત્તમ પ્રભુ થાળ,
હર કોળિયા પ્રભુનામ કરે બેડો પાર"

આત્મનિવેદી ભક્તોએ હંમેશાં અર્થાત્ રાત્રીદિવસ, મોટા હર્ષથી કલેશ અને દંભનો ત્યાગ કરીને અનન્ય ભાવથી સેવા પરાયણ થવું.

"કલેશ દંભ સત્સંગીના શત્રુ છે,
અનન્ય ભાવ પ્રભુસેવા પ્રભુપ્રિય છે,
શુદ્ધપ્રેમ પ્રેમભાવ પ્રભુથાળ બનાવે,
પ્રસાદ બનાવી પ્રભુ ભક્તાર્પણ કરે."

ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે, હે ઉદ્ધવ! ભક્તોએ ભાવથી કેવળ મને જળ અર્પણ કરેલું હોય તો પણ મને અતિશય પ્રિય લાગે છે. તો પછી જે ભક્તો મને ભાવથી અન્નાદિક અર્પણ કરે, એ પ્રિય લાગે એમાં તો કહેવું જ શું?

ભગવાને સૃષ્ટિ બનાવી છે, પ્રકૃતિ દ્વારા અનેકાનેક ખાદ્ય-પેય પદાર્થો પણ એ જ બનાવે છે. માનવ તો માત્ર માધ્યમ છે. માનવ અજ્ઞાનના અંધકારને જ્ઞાનના ઝળાહળાં પ્રકાશ વચ્ચે જ ફંગોળાય તો પરિણામો વિપરીત આવે જ ને. જો ધર્મશાસ્ત્રો તથા સદ્‌ગુરૂ દ્વારા મંદિરની છત્ર છાયા નીચે દિવ્ય શાસ્ત્રોક્ત જ્ઞાનના રસ્તે ચડી જાય તો ભયો ભયો થઈ જાય. જરા વિચારીએ કે મંદિરમાં વિતરીત થતા પ્રભુ પ્રસાદમાં કેટલી બધી મધુરતા, સ્વાદિષ્ટતા અને સાત્ત્વિકતા સાથે તન-મનને તૃપ્તતા પ્રાપ્ત થાય છે. આ પ્રક્રિયાને હળવેથી નહીં પરંતુ ઉત્તમોત્તમ સ્તરે સ્વીકારવાની જરૂર છે.

સ્વયંની કીર્તિ પ્રાપ્તિ માટે ધરાવેલ ૫૬ ભોગ, ભગવાનને અર્પણ કીમતી વાઘા દાગીના હીરા મોતી માણેક કે જર ઝવેરાત ઈશ્વર સ્વીકારતા નથી. ભગવાન

તો ભાવના ભૂખ્યા છે. ભક્ત નરસિંહ મહેતાએ અને મીરાંબાઈ એ આજીવન ભાવ વ્રત અપનાવી સ્વયંને ભગવાન પર ન્યોચ્છાવર કરી દીધા. તેઓ સાદ પાડે ને ભગવાન હાજરા હજુર થઈ જાય. આપણે સત્સંગીઓએ પણ આવી ઊંચાઈ આંબવી જોઈએ.

નારદીય પુરાણ પ્રબોધે છે કે સૂર્યઉદયને અસ્ત માનવનું આયુષ્ય હરે છે, ને જેમ ચોર માનવની દુર્લભ સમૃદ્ધિનું હરણ કરી જાય અને માનવ રોક્કળ કરતો થાય તેમ સૂર્ય ઉદય અસ્ત દરમિયાન ઈશ્વર સ્મરણ સિવાયની પ્રત્યેક ક્ષણ સૂર્ય હરી લીધી મનાય છે. ભક્તે એના માટે પણ રૂદનને આક્રંદ કરવું જોઈએ. આવું બધું ભક્તની જાગૃતિ માટે બતાવ્યું છે.

ચતુર અને વિદ્વાન સત્સંગીએ પણ જાણી લેવું જરૂરી છે કે ભગવાન ના નામ સ્મરણ માટે કોઈ દેશનો આગવો નિયમ નથી. કોઈ દેશની મોનોપોલી એટલે ઈજારો પણ નથી.

★પ્રાતઃકાળમાં નામ સ્મરણ થઈ શકે.

★મધ્યાહ્નને અને સંધ્યાકાળે પણ નામ સ્મરણ થઈ શકે.

★કોઈ પણ જાતની અપવિત્રતાનો પણ સ્મરણમાં દોષ નથી લાગતો.

★ઈશ્વર નામ સ્મરણમાં ઊચ્છિષ્ટાદિકનો પણ દોષ નથી એટલે એઠે મોઢે પણ સ્મરણ થઈ શકે.

★આમ દેશ, કાળ સર્વ અવસ્થાઓને વિશે પણ કોઈ બાધ નથી.

એવું જોવા મળે છે કે માનવો-મોભા માટે મોંઘુંદાટ હોટલનું ભોજન આનંદ પ્રમોદ માટે બેફામ નોટો ઉડાવે છે. આવું સૌને ખપે છે, ગમે પણ છે! તો જ્ઞાન પ્રાપ્ત કરતા સત્સંગી તો અવશ્ય પોતપોતાની ક્ષણે ક્ષણ પોતાના જ જન્મોદ્ધાર માટે સાચવી સાચવીને જ વાપરે.

''શાસ્ત્રની આજ્ઞાઓ છે ખુલ્લેઆમ,
સત્સંગી માટે મંદિર સમજણનું ધામ,
સદ્‌ગુરૂ આંગળી પકડી દોરે ભક્તોને,
આત્મનિવેદી બને તે ભોગવે અક્ષરધામ''


## દેશથી દાન ભેટ મોકલવા માટે

https://www.swaminarayan.faith/donate/indian-resident-donors
ઉપર ની લીંક નો ઉપયોગ કરીને જે દાન આપશે તેમને રસીદ પણ ઈમેઈલ દ્વારા ઓનલાઈન મોકલવામાં આવશે.

જે દાતાશ્રીઓ ઉપરની લીંકના ઉપયોગ સિવાય દાન આપવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવેલાં બેંક એકાઉન્ટમાં સેવા જમા કરાવી નામ, સરનામું, મો.નંબર તથા પેમેન્ટ સ્ક્રીન શોટ નીચે જણાવેલ ઈ-મેઈલ / વોટસએપ કરવા નમ્ર વિનંતી

State Bank of India Bhuj : Saving A/c No.: 56156006293 • IFS Code: SBIN0000334
Bank of India Bhuj : Saving A/c No.: 380010100007828 • IFS Code: BKID0003800
Bank of Baroda Bhuj : Saving A/c No.: 03730100000012 • IFS Code: BARBOBHUJXX
Central Bank of India Bhuj : Saving A/c No.: 03730100000012 • IFS Code: CBIN0280589
Mandir email id: kothar@swaminarayan.faith • Whatsapp No.: +91 7567607000

# ભુજશ્રી સ્વામિનારાયણ મંદિરના ૨૫ સંતોને સંસ્કૃતનો અભ્યાસ કરાવનાર અને રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કરનાર, ૧૯૨૧ થી ૨૦૨૧ સુધી ૯૯ વર્ષ સુધી વૈદિક બ્રહ્મવિદ્યાના ઉપાસક, આધ્યાત્મિક વિદ્યાગુરુજી પંડિતરત્ન કે. એસ. વરદાચાર્યજીનો અક્ષરવાસ

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

ભારતદેશનું દક્ષિણ રાજ્ય કર્ણાટકમાં કાવેરી નદીના પ્રદેશમાં આવેલ મૈસુરમાં નિવાસ કરીને રહેતા વૈષ્ણાવાચાર્ય, ઉભયવેદાંતાચાર્ય, પંડિતરત્ન કે.એસ. વરદાચાર્યજીનો જન્મ ૧૯૨૧માં તમીલનાડુમાં આવેલ મમલ્લાપુરમ્માં થયો હતો. પિતાનું નામ આચાર્ય શ્રી સુંદરરાજ અને માતાનું નામ શ્રીરંગામ્બા હતું. શ્રી વરદાચાર્યજી બાલ્યાવસ્થામાં જ પિતાજી પાસેથી પંચસંસ્કાર યુક્ત વૈષ્ણવી દીક્ષા પ્રાપ્ત કરીને તેમની જ પાસે સંસ્કૃતમાં વ્યાકરણ, કાવ્ય, નાટકાદિક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. આચાર્ય શ્રીનારાયણતાતમહાદેશિક પાસે વેદોનું અધ્યયન કર્યું. વિશેષ અભ્યાસ માટે ચૈનઈ આવીને રહ્યા. ત્યાં કાકુમાની આદિકેશવુલુ શ્રેષ્ઠિસંસ્કૃતપાઠશાલામાં અભ્યાસ કર્યો. તર્કશાસ્ત્રના ઉચ્ચાભ્યાસ માટે તિરુપતિમાં આવેલ વૈંકટેશ્વરસંસ્કૃત કલાશાળામાં તર્કશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કરીને ન્યાયશિરોમણી થયા. ત્યારપછી કર્ણાટકમાં આવેલ મૈસુરમાં શ્રીપરકાલમઠમાં રહેતા વેદાન્તાચાર્ય વિદ્વાન પૂજ્ય પરકાલ સ્વામીજીની પાસે દસ વર્ષ સુધી રહીને પ્રાચીન અને નવ્યન્યાય તેમજ વેદાન્તના પૌઢગ્રન્થોનો અભ્યાસ કર્યો. તેની સાથે મીમાંસા, યોગ, સાંખ્ય, વૈશેષિક આદિ ષડ્દર્શન ગ્રન્થોને પણ અભ્યાસ કરીને ઉભય વેદાન્તાચાર્યની પદવી પ્રાપ્ત કરી. આચાર્યશ્રીએ ન્યાયમંજરી નામના પૌઢ ગ્રન્થ ઉપર વ્યાખ્યા લખી તેથી કર્ણાટક સરકારે ગુરુજીને'પંડિતવર્યહ્વ ની પદવી આપીને સન્માન કર્યું હતું. કાંચિકામકોટીપીઠાચાર્ય સ્વામીજી દ્વારા ૧૯૫૩માં 'પંડિતરત્નમ્હ્વની પદવી આપીને સન્માનિત કર્યા. દિલ્હીમાં ૨૦૦૨માં ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ એ. પી. જે. અબ્દુલકલામે સર્વોત્તમ વિદ્વાનનો એવોર્ડ આપીને બહુમાન કર્યું હતું. ત્યારપછી ૨૦૦૩માં તિરુપતિ રાષ્ટ્રીયસંસ્કૃત વિદ્યાપીઠ દ્વારા મહામહોપાધ્યાયની પદવી આપવામાં આવી. પ્રસિદ્ધિ, લાભ અને પૂજામાં ઈચ્છા બિલકુલ નહીં રાખતા કે. એસ. વરદાચાર્યજીની વિદ્વત્તાને કારણે જ વિવિધ અનેક સંસ્થાઓ અનેક મહાનુભાવોએ ગુરુજીનું સન્માન કરીને પોતાને ગૌરવાન્વિત માને છે. જ્ઞાન-આચાર અને વૈરાગ્ય અને ભક્તિ આદિ ગુણોથી સમ્પન્ન વરદાચાર્યજી જેવા મહાપુરુષો વિશ્વમાં અતિ દુર્લભ હોય છે.

પૂજ્ય પરકાલસ્વામીજી પાસે સમગ્ર શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કરીને ગુરુજી મૈસુરમાં જ રહ્યા અને ત્યાં પાઠશાળામાં પ્રધાનાચાર્ય પદે રહીને વિદ્યાર્થીઓને ન્યાય-વેદાન્તના વિષયો ભણાવવા લાગ્યા. ભારતવર્ષના દક્ષિણ રાજ્યોના એક સો થી વધારે વિદ્યાર્થીઓ તેમજ ઉત્તરપ્રદેશ, બિહાર, નેપાલ તથા ભૂતાનના પચાસથી વધારે વિદ્યાર્થીઓ અને પશ્ચિમ રાજ્ય ગુજરાત તથા રાજસ્થાનના પંચોતેર જેટલા વિદ્યાર્થીઓને સંપૂર્ણ વ્યાકરણ, ન્યાયદર્શન, મીમાંસા, વેદાન્તના પૌઢ ગ્રન્થોનો અભ્યાસ કરાવીને સંસ્કૃતના ઉત્તમ કોટીના વિદ્વાન્ બનાવ્યા છે જે આજે આ બધા વિદ્યાર્થીઓ ગુરુજી પાસેથી વિદ્યા પ્રાપ્ત કરીને પોતાને ગૌરવાન્વિત માને છે. ગુરુજીએ આપેલી વિદ્યા દેશ અને સમાજના ઉત્થાનમાં ઉપયોગી થઈ રહી છે.

ત્રણ દાયકા સુધી અભ્યાસ કરવો અને સાત દાયકા સુધી સતત વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ કરાવનાર કે. એસ વરદાચાર્યજી પાસે કચ્છ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પચીસ સંતો ૧૯૯૨થી ૨૦૦૩ સુધી મૈસુર

અને મેલકોટામાં બાર વર્ષ સુધી રહીને વિશિષ્ટાદ્વૈત વેદાન્તમાં પ્રસ્થાનત્રયી, તત્ત્વમુક્તકલાપ, ન્યાયશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, કર્તશાસ્ત્રોનો સારો અભ્યાસ કર્યો છે. મને પણ આ દસ ૧૨ વર્ષ સુધી ગુરુજીના સાનિધ્યમાં રહીને સાહિત્યથી લઈને ‘ભારતીય દર્શનલ્લ વિષયમાં પી.એચ.ડી. (વિદ્યાવારિધિ)ના અભ્યાસ સુધી બ્રહ્મવિદ્યાને ભણવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ભુજ-કચ્છના વિદ્યાર્થી સંતો અને દક્ષિણભારતના વિદ્યા ગુરુજી, આ બન્ને ગુરુ-શિષ્યનું મિલન અનાયાસે નથી થયું પરંતુ વિદ્યાર્થીઓનાં કોઈ સત્કર્મને કારણે થયું છે. જેના કારણે આવા આધ્યાત્મિક વિદ્યા ગુરુજી પાસે સદ્વિદ્યા ભણવાનો અવસર મળ્યો. આ ભુજ મંદિરના વિદ્યાર્થી સંતો માટે અતિ સૌભાગ્યની વાત છે. ભુજ મંદિરના ઘણા સંતો મેલકોટે ભણતા હતા ત્યારે ૧૯૯૫ માં સંતો સાથે મેલકોટાથી સાત વિદ્વાનો ભુજ મંદિરમાં શ્રીનરનારાયણ ભગવાનનાં દર્શન કરવા પધાર્યા હતા. તેમાં ગુરુજી કે. એસ વરદાચાર્યજી પણ સાથે હતા ત્યારે તે સમયના ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિસ્વરૂપ દાસજીએ ગુરુજી ઉપર રાજી થઈને તુલસી કંઠી અને માળા પહેરાવી હતી. ભગવાનનાં અને સંતોનાં દર્શન કરીને બધા વિદ્વાનો ખૂબ જ રાજી થયા હતા.

ગુરુજીએ સંસ્કૃત, કન્નડ, તમીલ ભાષામાં ૨૦ થી અધિક ગ્રન્થો લખ્યા છે. તેમાં ‘વાલ્મીકિ રામાયણ ઉપર ભાષ્યમ્,લ્લ ‘તત્ત્વમુક્તકલાપ ઉપર ભાષ્યમ્,લ્લ તર્કસંગ્રહ અર્થબોધિની,લ્લ ‘વિશિષ્ટાદ્વૈત કોર્ષ,લ્લ ‘કન્નડમાં સંપૂર્ણ રામાયણ,લ્લ ‘ભારતીય સંપૂર્ણ સંસ્કૃતિલ્લ જેવા ગ્રન્થો મુખ્ય છે. ગુરુજી દ્વારા લખાયેલ ગ્રન્થો કર્ણાકટ યુનિવર્સીટીના કોર્ષમાં ભણાવવામાં આવે છે. ભારતવર્ષની ચારે દિશાઓમાં સંસ્કૃતના વિદ્વાનોના મુખે ગુંજતું નામ એટલે પંડિતરત્ન કે. એસ. વરદાચાર્યજી. સમગ્ર ભારતમાં સંસ્કૃત જગતમાં ‘વરદત્રયમ્લ્લ નામ અતિ પ્રસિદ્ધ છે. અર્થાત્ મૈસુરમાં ત્રણ વરદાચાર્યોજી રહેતા હતા. ત્રણે અતિ પ્રખર વિદ્વાનો હતા. ત્રણે વિદ્વાનોનાં નામ વરદાચાર્યજી હતું તેથી ‘વરદત્રયમ્લ્લ એવું સૂત્ર પ્રસિદ્ધ થયું. એક વિદ્વાન્ કે. એસ વરદાચાર્યજી. બીજા વિદ્વાન્ ઈ. એસ. વરદાચાર્યજી. અને ત્રીજા વિદ્વાન્ એસ. એમ. એસ. વરદાચાર્યજી. આ ત્રણે વરદાચાર્યોજીની સમગ્ર ભારતમાં અતિ શ્રેષ્ઠવિદ્વાનોમાં ગણના થતી હતી. આ વિદ્વાન્ એસ. એમ. એસ. વરદાચાર્યજી આજથી વીસ વર્ષ પહેલાં અક્ષરધામમાં સિધાવ્યા હતા. વિદ્વાન્ એસ. એમ. એસ. વરદાચાર્યજી પંદર વર્ષ પહેલાં અક્ષરવાસી થયા હતા અને વિદ્વાન્ ગુરુજી કે. એસ વરદાચાર્યજી આષાઢ વદ બારસ ૨૦૭૭ - તા. ૫-૮-૨૦૨૧ના ગુરુવારના મધ્યાહ્ન સમયે પંચભૂતનો દેહ છોડી ભગવાનના અક્ષરધામમાં સિધાવ્યા છે પરંતુ તેમના ગુણો, કીર્તિ અને ભણાવેલી વિદ્યા સદાય જગતમાં રહેશે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી પૂર્ણ જીવન જીવનાર વૈદિક બ્રહ્મવિદ્યાના મહાન ઉપાસક ગુરુજી કે. એસ. વરદાચાર્યજી જેવા મહાપુરુષોના ચરણોમાં કોટી કોટી વંદન સહ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.


## વિદેશથી દાન ભેટ મોકલવા માટે

Trust Name : Shree Swaminarayan Mandir • FCRA Saving A/c No.: 40072927931
Branch Code : 00691 • IFS Code : SBIN0000691
SWIFT Code : SBININBB104
Branch Address : FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch, 11, Sansad Marg, New Delhi-110001
Branch id: fcra.00691@sbi.co.in • Mandir id: kothar@swaminarayan.faith
Whats App No.: +91 75676 07000

# ગણેશ ચતુર્થી-ભાદરવા સુદ-૪

પ્રત્યેક મંગલ અને શુભ કાર્યના આદર પહેલાં આપનું સ્થાપન થશે. જે કોઇ આપને અવગણીને કંઇ કરશે તો સફળતા નહિ મળે. પિતા શંકર પાસેથી આ વરદાન ગજાનંદ ગણેશને મળ્યું.

શંકર-પાર્વતીના પુત્ર ગણેશની ઉત્પત્તિની કથા કંઇક આવી છે.

એકવાર શિવજી કૈલાસ પર્વતની ગુફામાં તપ કરવા ચાલ્યા ગયા ત્યારે પાર્વતીને એમની સખીઓએ કોઇ સુંદર સર્જન કરવા જણાવ્યું. પાર્વતીએ એકવાર સવારે સ્નાન પહેલા પોતાના શરીર પર લગાવેલ ઉબટન (ઉબટન એટલે સ્નાન પહેલા શરીરે લેપ કરવાનું સુગંધી દ્રવ્ય) માંથી એક શિશુની મૂર્તિ બનાવી અને તેમાં પ્રાણ પૂર્યા. આ મનોહર અને તેજસ્વી બાળકનું નામ પાડ્યું વિનાયક.

વિનાયકે તરત જ માતાને પ્રણામ કરીને પૂછ્યું ''માતાજી શી આજ્ઞા છે ?'' પાર્વતીએ એમને મહેલના દરવાજે ઊભા રહી કોઇને અંદર પ્રવેશવા ન દેવાની સૂચના આપી. વિનાયક દ્વારની રક્ષા કરવા લાગ્યા. એવામાં એકવાર શિવજી પધાર્યા. વિનાયકને પોતાના પિતાનો પરિચય ન હતો. તેણે પિતાને રોક્યા. શિવજીએ વિનંતી કરી પણ વિનાયકે જીદ ન છોડી. તેથી ક્રોધે ભરાયેલા શંકરે વિનાયકનું મસ્તક ત્રિશૂલથી ઉડાડી દીધું. એટલામાં પાર્વતી આવ્યાં અને ઘટના જોઇ વ્યાકુળ થઇ કલ્પાંત કરવા લાગ્યાં. શિવજીને આખી કથની કહી. શિવજીને પોતાની ભૂલ સમજાઇ. તેમણે પોતાના ગણોને તરત જ નવજાત પ્રાણીનું મસ્તક લાવવાની આજ્ઞા કરી. કારણ કે, મૂળ મસ્તક શિવજીની દૃષ્ટિથી બળીને વિકૃત થઇ ગયું હતું. ગણોને એક હાથીનું બચ્ચું મળી ગયું. તેનું મસ્તક શિવજીએ વિનાયકના માથા પર ચોંટાડીને વિનાયકને પુનઃ સજીવન કર્યા અને ઉપર પ્રમાણે આશીર્વાદ આપ્યા.

ભાદરવા સુદ ચોથને દિવસે પાર્વતીજી ગણેશનું પાર્થિવપણે પૂજન કરતા હતા તે વેળા ગણેજીએ સચેતન થઇ સિંધુ નામના દૈત્યને માર્યો ત્યારથી આ સુદ ચોથનો મહિમા ચાલ્યો આવે છે. સૌરાષ્ટ્રમાં વૈશાખ સુદ ચોથને ગણેશ ચોથ તરીકે ઉજવવામાં આવે છે.

બહુનામી ગણેશ

ગજાનન :- જેનું મોઢું હાથી જેવું છે.

લંબોદર :- મોટા પેટવાળા

ગજકર્ણ :- હાથી જેવા કાનવાળા

કપિલ :- લાલ રંગ હોવાથી

વિકટ : બેડોલ શરીરવાળા

ભાલચંદ્ર :- કપાળમાં ચંદ્રમા ધારણ કરેલ છે.

દ્વિદેહક :- નર અને હાથી એવા બે શરીરવાળા

સિંદુરવદન :- સિંદુર નામના દૈત્યને હણનારા

ગણાધ્યક્ષ :- ગણોના પતિ

દ્વૈમાતુર :- જે બે માતાઓથી ઉછર્યા છે. એક માતા પાર્વતી જેમણે ગણેશને જન્મ આપ્યો. અને બીજા માતા માલિની રાક્ષસી જેણે ગણેશનું પાલન પોષણ કર્યું. (અમરકોષ)

એકદંત :-એક દાંતવાળા

મુદગલ પુરાણ એ દક્ષિણનો પ્રચલતિ ગ્રંથ છે જેમાં ગણપતિના ૩ર નામ છે.

★ગણપતિના એકદંતની કથા :- ગણપતિના બે દાંતમાંથી એક દાંત તૂટેલો હોવાથી તેમને એકદંત પણ કહે છે. મહાભારતરૂપી મહાકાવ્ય લખવા માટે મહર્ષિ વેદવ્યાસે બ્રહ્માજીને વિનંતી કરી અને બ્રહ્માજીએ ગણેશજીનું નામ સૂચવ્યું. તેમણે એવી શરત મૂકી કે વ્યાસજીએ એક ક્ષણ પણ અટક્યા વગર લખાવવું. જો વ્યાસજી લખાવવામાં અટકશે તો હું લખવાનું મૂકીને ચાલ્યો જઇશ. સામે વ્યાસજીએ પણ એવી શરત મૂકી કે ગણેશે પ્રત્યેક શ્લોકનો અર્થ અને કાર્ય સમજીને જ લખવું.

બંને બાજુ કરાર મંજુર થયા અને ત્રણ વર્ષ સુધી

આ મહાભારતનું લેખન કાર્ય ચાલ્યું. આ મહાકાવ્યના લેખન માટે કલમ ક્યાંથી લાવવી ? તરત ઉપાય તરીકે ગણેશજીએ પોતાનો એક દાંત તોડી નાખ્યો અને તેનાથી લેખન શરૂ કર્યું. સમગ્ર સૃષ્ટિનો આ મહાગ્રંથ જ્યારે પૂરો થયો ત્યારે ગણેશજીએ સ્વયં ઘોષણા કરી કે સંસાર સમસ્ત જ્ઞાન આ મહાભારતમાં જ છે અને જે આમાં નથી તે બીજે ક્યાંય નથી.

કથા-૨ :- એકવાર ભગવાન ગણેશ અને પરશુરામનું યુદ્ધ થયું આ યુદ્ધમાં પરશુરામનું ફરસી લાગવાથી એક દાંત તૂટી ગયો જે ફરી કદી ઉગ્યો જ નહિ.

કથા-૩ :- દ્રવિડો એવું માને છે કે જ્યારે ખેતર ખેડવા માટે હળ નહોતું શોધાયું એ વખતે ગણપતિએ સૌ પ્રથમ પોતાના દાંતનો હળ તરીકે ઉપયોગ કરેલો.

★ગણપતિ અને ઉંદર :- સનાતન સંસ્કૃતિમાં સૌથી અંતિમ દેવ ગજાનન છે. હિન્દુ દેવદેવીઓમાં આસન, વાહન અને વસ્તુઓ વહેંચવામાં આવ્યા.

લક્ષ્મીજીને ધન અને વાહનમાં કમળ મળ્યું.

ઈન્દ્રને સ્વર્ગ અને હાથી

સરસ્વતીને વિદ્યા અને મયૂર

વિષ્ણુને સૃષ્ટિના પાલક અને ગરૂડ

શંકરને કૈલાસ અને નંદિ

બ્રહ્માને બ્રહ્મલોક અને હંસ

હવે બાકી રહ્યા ગણેશ તેમને શું આપવું અને વાહન તરીકે શું આપવું ? આમ જ્યારે ગણેશજીને દેવ પદ આપવાનું હતું ત્યારે ભગવાન શંકરને મૂંઝવણ થઈ કે તેમને કયું વાહન અને કયો વિભાગ આપવો ?

ખેતીમાં સૌથી વધુ નુકશાન ઉંદર દ્વારા થાય છે. તેથી ઉંદરને ગણપતિનું વાહન બનાવી દેવામાં આવ્યું. વળી ત્રણે લોકમાં જેટલા અનિષ્ટ અને ઉપેક્ષિત જીવો જેવા કે રાક્ષસ, ભૂત-પ્રેત, અપંગ પ્રાણીઓ, અસહાય, દરિદ્ર, ભિક્ષુક, ક્ષુદ્ર, વેશ્યા વિગેરે દરેક ગણના અધિપતિ તરીકે ભગવાન ગણેશની નિમણૂંક કરવામાં આવી તેથી તેઓ ગણાધિપતિ, ગણેશ, ગણપતિ, ગણદેવતા તરીકે ઓળખાય છે.

યુગ પ્રમાણે ગણપતિજીને દશ હાથ, છ હાથ, ચાર હાથ અને બે હાથ હોય છે, એવો પણ ઉલ્લેખ જોવા મળે છે દશભુજધારી ગણેશજીનું વાહન સિંહ, ષડ્ભુજ ગણેશજીનું વાહન મયૂર, ચાર ભુજા ગણેશજીનું વાહન અશ્વ કહેવાય છે.

ગજભુમાસુર નામે એક રાક્ષસ હતો પોતાના તપોબળથી તેણે ભગવાન શંકર પાસેથી અમરત્ત્વનું વરદાન મેળવી લીધું હતું. મૃત્યુ વિજયનું વરદાન મળતાં જ હાથીના મુખવાળા રાક્ષસે ત્રણેય લોકમાં હાહાકાર મચાવવાનો શરૂ કર્યો. શંકરે આ રાક્ષસને હણવાનું કામ ગણેશને સોંપ્યું. ગણેશ અને રાક્ષસ બંને અપરાજય હતા. રાક્ષસ અનેક પ્રકારના રૂપ ધારણ કરતો કોઈકવાર સર્પ બને, કોઈકવાર ગરુડ, એકવાર તે ઉંદર બની ગયો. તરત તે વખતે ગણપતિ તેના પર સવાર થઈ ગયા અને તેને પોતાનું વાહન બનાવી દીધું. ગજમુખા અસુર રાક્ષસ પણ ગણપતિએ પોતાને એમના વાહન તરીકે સ્વીકાર્યો એ વાત જાણીને કૃતાર્થ થઈ ગયો.

★ગણેશજીનો સંસાર :- ગણપતિના વિવાહ વિશે બે કથાઓ પ્રસિદ્ધ છે.

૧-રિદ્ધિ અને સિદ્ધિ નામે પ્રજાપતિની બે સુંદર કન્યાઓ હતી. પ્રજાપતિ આ બંને પુત્રીઓના લગ્નનો પ્રસ્તાવ શિવપાર્વતી પાસે ગણેશ અને કાર્તિકેય માટે લઈને આવ્યા. કન્યાઓએ ગણેશને જોયા કે તરત તે બંનેએ ગણેશ સાથે જ વિવાહ કરવાની જીદ પકડી તેથી રિદ્ધિસિદ્ધિના લગ્ન ગણેશજી સાથે કરવામાં આવ્યા. સિદ્ધિથી ગણેશને થયેલો પુત્ર ''શુભ'' અને રિદ્ધિથી ગણેશને થયેલો પુત્ર ''લાભ'' તરીકે ઓળખાયા.

૨-એકવાર શંકર-પ્રાવતીએ બંને પુત્રોના લગ્ન માટે વિચાર કર્યો તેમણે બંને પુત્રોને બોલાવીને કહ્યું, તમારામાંથી પૃથ્વીની પ્રદક્ષિણા કરીને જે પહેલાં આવે તે શ્રેષ્ઠ અને તેનો વિવાહ પ્રથમ કરીશું. કાર્તિકેયનું વાહન તો મોર હતું તે તો સરરર કરીને ઉડવા લાગ્યા. ગણપતિનું વાહન ઉંદર એ મોરને ક્યાં પહોંચી શકે ? એટલે એમણે યુક્તિ કરી. માતા-પિતા બેઠા હતા તે એટલાની પ્રદક્ષિણા કરવા લાગ્યા અને કહ્યું, જે પુરુષ

માતા-પિતાની પ્રદક્ષિણા કરે છે તેને પૃથ્વીની પ્રદક્ષિણાનું ફળ મળે છે. "માતા-પિતા આ વાતથી પ્રસન્ન થયા અને તેમનો વિવાહ પહેલો કર્યો. આમ માતા-પિતાનો આદર કરે તે વિશ્વમાં આદરપાત્ર બને છે."

★ગણપતિનું સમગ્ર સ્વરૂપ પ્રેરણાદાયી :- ગણેશજીની મૂર્તિ અને તેમના અંગ-ઉપાંગ એક વિશિષ્ટ સંદેશ આપે છે.

-મોટા મસ્તક પર ઝીણી આંખ વિચારો વિરાટ અને નિરીક્ષણ સૂક્ષ્મ કરો.

-સૂપડાં જેવા કાન ઉત્કૃષ્ટ શ્રવણ શક્તિ.

-મોટું પેટ દુઃખ-દર્દ-પીડા-અપમાન-અવગુણના બધું જ પચાવી જવાની ક્ષમતા.

-ટૂંકા પગ ધીરજ

-મોટી સૂંઢ તત્ત્વવેત્તા તરીકે દૂરદર્શીપણું.

-ઉંદર ચંચળ ઈન્દ્રિયો

-ઉંદરની સવારી ચંચળ ઈન્દ્રિયો પર સંયમ રાખીને જીવન જીવો.

જ્યારે ગણપતિને ચાર હાથ હોય ત્યારે તેમાં અંકુશ, પાશ, મોદક અને આશીર્વાદ મુદ્રા હોય છે. અંકુશ એ મનનિગ્રહની વાત સમજાવે છે, પાશ ઈન્દ્રિયો અંતઃકરણને દંડ દેવાની વાત કરે છે. મોદક આનંદ-ઉપભોગ માટે અને આશીર્વાદ સદા-સર્વદા મંગલ થવાની નિશાની છે.

ગણેશ ચતુર્થી એ ગુણવિસ્તારનો શુભ દિન

# પરિવર્તિની એકાદશી (ભાદરવા સુદ એકાદશી)

આ એકાદશી જળઝીલણી એકાદશી કે પાર્શ્વપરિવર્તિની એકાદશી તરીકે પણ ઓળખાય છે.

ચાતુર્માસનો પ્રારંભ દેશશયની એકાદશી (અષાઢ સુદ-૧૧)થી થાય છે. અને પૂર્ણાહુતિ દેવઉઠી કે પ્રબોધિની (કાર્તિક સુદ-૧૧) થી થાય છે. આ બંને એકાદશીનું મધ્યબિંદુ એટલે પરિવર્તિની એકાદશી જે ભાદરવા સુદ એકાદશી.

બલિના બંદી બનીને ભગવાન સુતલમાં તેમાં બારણે તેને અખંડ દર્શન દેવાનું પોતાનું વચન પાળતા ઊભા છે. આ ભગવાનનું બીજા સ્વરૂપે ક્ષીરસાગરમાં શેષ શય્યામાં સ્થિર થઈને પોઢ્યા છે. બે મહિના પછી એટલે આ દિવસે ભગવાન પડખું ફરે છે. સંસ્કૃતમાં પડખું એટલે પાર્શ્વ. એટલે આ દિવસને પાર્શ્વ પરિવર્તિની એકાદશી કહે છે. ભગવાન પોતાની સૂવાની સ્થિતિમાં પરિવર્તન લાવી એક પડખાથી બીજા પડખે થવાથી આ એકાદશી પરિવર્તિની એકાદશી તરીકે ઓળખાય છે.

ચાતુર્માસની ત્રણ મુખ્ય એકાદશીઓમાંની આ એક છે.

શ્રીકૃષ્ણએ ગોપીઓ સાથે આ દિવસે યમુનામાં નૌકાવિહાર કર્યો હતો. નૌકાવિહારના દાન રૂપે શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓ પાસે દહીં માગ્યું હતું. તેથી આ દિવસે દહીંના દાનનો બહુ મહિમા છે.

આ દિવસે ભગવાને ચોમાસાના શુદ્ધ જળને ઝીલ્યું તેથી આને જળઝીલણી એકાદશી પણ કહે છે.

પંચરાત્રમાં 'તોયોત્સવ'નું વર્ણન આવે છે. 'તોયમ્' એટલે જળ. આ દિવસે ભગવાનની મૂર્તિને ૧૦૦૧ કળશથી અભિષેક કરાવવામાં આવે છે.

પંચરાત્રમાં જળઝીલણી એકાદશીના સંદર્ભમાં એક અન્ય વર્ણન પણ આવે છે. એ છે 'પ્લવોત્સવ'નું તેને ઉજવવાની વિધિ આ મુજબ છે.

સરોવરે કે તળાવના કાંઠે એક મંડપ બાંધીને વર્ષાના વાદળો ઘેરાય તે પહેલાં ઉત્સવ માટે ભગવાનની મૂર્તિને મંડપમાં પ્રસ્થાપિત કરવી. તેની પૂજા કરવી. ત્યારબાદ એક હજાર ધારાઓથી પ્રભુમૂર્તિને જળ અભિષેક કરવો.

સ્નાન કરાવી નવા શ્વેત વસ્ત્રો પહેરાવી શ્રીપ્રભુને નૌકાવિહાર માટે તૈયાર કરવા. જે નાવમાં પ્રભુ હોય ત્યાં પંચરાત્રના વિદ્વાનો, સંતો અને પૂજારીએ

બેસવું. બીજી નાવમાં સ્તુતિ ગાતા સંગીતજ્ઞ ભક્તોને બેસાડવા. ત્રીજી નાવમાં નૃત્ય-ગાન કરનારા ભક્તો બેસે. આ રીતે પ્રભુને સરોવરમાં ત્રણ કે પાંચ વખત વિહાર કરાવવો. ત્યારબાદ પ્રભુને કાકડી અને શીરાનો પ્રસાદ ધરાવવો.

ચોમાસામાં નદી-તળાવમાં નવા જળ આવ્યા હોય એટલે ઠાકોરજીને હોડીમાં પધરાવીને જળવિહાર કરાવવા તે જળઝીલણીનો ઉત્સવ એવી વૈષ્ણવોની રીતિ છે.

સ્વામિનારાયણ મંદિરોમાં આ ઉત્સવનો ખૂબ મહિમા છે. આ દિવસે ભગવાનની ચલમૂર્તિને નદી-તળાવના કિનારે ધામધૂમપૂર્વક પાલખીમા બેસાડી લઈ જવામાં આવે છે. પૂજા-આરતી બાદ નૌકામાં શ્રીહરિને પધરાવી જળક્રીડા ઉત્સવ કરવામાં આવે છે.વિધિપૂર્વક પૂજા પછી ભક્તો આરતી ઉતારે છે. કાકડીનો પ્રસાદ જળમાં નાખે છે. સાથે સાથે નવું પાણી વરસાવી ભગવાનને નદી નાળાં છલકાવી દીધા તેથી તેમનો આભાર માને છે.

- શ્રીહરિ, જળઝીલણી અને જળક્રીડા :-

એકવાર ગઢપુરમાં જળઝીલણી ઉત્સવ આવ્યો. ત્યારે મધ્યાહ્ન સમયે લાલજીને ઝૂલાવવા શ્રીહરિએ સુમપાલમાં બેસાડ્યા. ગણપિતને પાટ પર બેસાડ્યા. અને સૌ નદીએ ચાલ્યા. આ શોભાયાત્રા ઉન્મત ગંગાના તીર પર આવી. શ્રીહરિ ત્યાં તટ પર બેઠા. તેવામાં એક સંત ફુલના ૧૦ હાર અને તોરા લાવીને શ્રીહરિને ધરાવ્યા.

શ્રીહરિ કહે, ''લાલજીને ધરાવીને અમને ધરાવ્યા છે ?''

તે સંતને આ વિધિની ખબર ન હતી. તેથી તે બોલ્યા, ''લાલજીને તો નથી ધરાવ્યા.''

તેથી ગુસ્સામાં આવીને શ્રીહરિએ હાર તોડીને ભૂમિ પર નાખી દીધા. અને કહ્યું કે પૃથુ ભગવાન થયા હતા તો પણ જ્યારે મૂર્તિની સેવા કરતા તો મૂર્તિનું સન્માન અધિક રાખતા. ભગવાનની આઠ પ્રકારની પ્રતિમા છે. તેમાં પ્રગટ શ્રીહરિની બુદ્ધિ રાખીને સેવા કરવી જોઈએ. જેથી નિશ્ચય મોક્ષ થાય છે. અમે એ વાત જાણીને અને સમજીને તમારા લાભની વાત કરી છે. અને મોક્ષની પ્રથા ક્યારેય ન તૂટે તેવી બાંધી છે.

સ્વંયપૂર્ણ પુરુષોત્તમ નારાયણ હોવા છતાં મૂર્તિની મર્યાદા રાખવાની આવી અદ્‌ભુત શીખ શ્રીહરિએ જળઝીલણીનો દિવસો આપી. (હરિચરિત્રામૃત સાગર - ૨૨/૩૦)

જળઝીલણીના ઉત્સવમાં જળની છોળો ઊડે ત્યારે મન પાગલ થાય. પાણીમાં સૌ ભાન ભૂલે. એ જોવા હરિ પણ વિસરાય. શ્રીહરિ જળ સ્નાન વેળા પ્રભુ સ્મૃતિનો આગ્રહ રાખતા.

એકવાર ઉતાવળી નદીમાં કુંડળમાં સ્નાન કરવા પધાર્યા. સાથે સંતો-ભક્તો અને કાઠી દરબારો હતા. મહારાજ અને સંતો સ્નાન કરીને બહાર આવી ગયા. કાઠીઓ પાણી જોઈને ભાન ભૂલ્યા. જળમાં ખૂબ ધમાલ કરી. પછી કોરા વસ્ત્રો પહેરીને મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે તેમને ઠપકો આપતા કહ્યું,

''અશુદ્ધ કાયા કરી છે જરૂર, માટે રહો સૌ અમથી દૂર,

નાયા તમે નહિ ત્યાં શુદ્ધ નીર, ત્યાં તો હતું તે સઘળું રુધીર,

જેઓ પ્રભુ સ્મૃતિ વિસારી, ગંગા વિશે સ્નાન કરે પધારી,

તે સ્નાન તો શોણિત તુલ્ય, અશુદ્ધ એનું શરીર પ્રમાણે

માટે સ્નાન કરો સહુ ફરીને, વાણી વહુ તે મનમાં ધરીને,''

(શ્રીહરિ લીલામૃત : ૬/૨૪)

ભગવાનને ભૂલીને તમે જે નાહ્યા છો, તે શોણિત એટલે કે લોહીમાં સ્નાન કરીને આવ્યા છો. માટે ફરીવાર જાવ અને સ્મૃતિ સાથે નાહાવ.

આમ કાઠીઓને ફરીવાર સ્નાન કરવા મોકલ્યા અને જ્યારે તેઓ સ્મૃતિ સહિત ફરી પધાર્યા

ત્યારે શ્રીજી મહારાજ પ્રસન્ન થયા.

જળ ક્રીડાના પ્રસંગે મર્યાદા શીખવતા શ્રીહરિ કહેતા : વિવાહ, ફાગના દિવસે, ભાંડ ભવાઈ, યુવતી, દર્પણ, બાવળ અને જળ.... આટલા ઠેકાણે જે મનને સંયમમાં રાખે તેને દેવ જેવો જાણવો. (શ્રીહરિચરિત્રામૃત સાગર : ૧૪/૮૬)

- નીલકંઠવર્ણી લોજમાં રામાનંદ સ્વામીને મળ્યા પહેલા ૯ માસ સુધી રહ્યા. નીલકંઠવર્ણીની સેવામાં મુક્તાનંદ સ્વામીએ દેવા ભક્તને મૂક્યા હતા.

એકવાર નીલકંઠ, દેવાભક્ત અને સુખાનંદ સ્વામી સમુદ્ર સ્નાન કરવા દરિયાકિનારે ત્રણે જણા જળમાં ઉતર્યા અને જળક્રીડા કરવા લાગ્યા. એવામાં નીલકંઠવર્ણીએ એક ધક્કો દેવાભક્તને માર્યો. દેવો ભક્ત દરિયામાં અલોપ થઈ ગયો. સુખાનંદ સ્વામીને એમ હતું કે હમણાં બહાર આવશે. પણ ઘણો સમય વીત્યા છતાં દેવા ભક્ત દેખાયા નહીં. એટલે સ્વામી રોવા લાગ્યા. અને ગામમાં હવે શું કહીશું એમ કહેવા લાગ્યા.

સ્વામીને દુઃખી જોઈને વર્ણીએ દેવાભક્તને સાદ કર્યો ને તરત દેવા ભક્ત જળની સપાટી પર પ્રગટ્યા. સુખાનંદ સ્વામી આનંદમાં આવી ગયાને પૂછ્યું, ‘‘તું ક્યા જતો રહેલો ?’’

ત્યારે દેવા ભક્ત નીલકંઠવર્ણીના વિશિષ્ટ દર્શનનું વર્ણન કરતા બોલ્યા, ‘‘મને અક્ષરધામમાં આ નીલકંઠવર્ણીના દર્શન થયા. આ નીલકંઠવર્ણીને રામાનંદ સ્વામી ચમર ઢોળતા હતા. બ્રહ્મા આદિ આ વર્ણીના ગુણ ગાતા હતા. હું ત્યાં દર્શનમાં લીન હતો. ત્યાં મને મહારાજનો સાદ સંભળાયો ને હું પાછો આવી ગયો.’’

જળક્રીડા દરમ્યાન અવારનવાર શ્રીહરિ પોતાના ઐશ્વર્યને પ્રતાપ વર્ણવતા.

- પ્રેમાનંદ સ્વામી શ્રીહરિની જળલીલાનું વર્ણન ચેષ્ટાના પદોમાં આ રીતે કરે છે.

વર્ષાઋતુ રે, શરદઋતુના જાણી
ઘેલા નદીના રે, નિર્મળ નીર વખાણી
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ
નહાવ પધારે રે, ઘેલે પૂરણ કામ
બહુ જળ ક્રીડા રે, કરતા જળમાં નહાય
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય

વળી શ્રીજી મહારાજની જળમાં ડૂબકી મારવાની રીત પણ અલૌકિક હતી.

શ્વાસ રોકી, આંખ અને કાન આંગળાં વડે દબાવી, શ્રીજી જળમાં ઝંપલાવતા અને ઘણીવાર સુધી પાણીને તળિયે બેસી રહેતા. મહારાજ કુશળ જળ તરવૈયા હતા.

- પરિવર્તિની એકાદશીનો મર્મ :-

ભગવાન આજે પડખું બદલે છે, શયન વેળાએ વ્યક્તિ એક જ સ્થિતિમાં સૂઈ રહેતો નથી. તબીબી વિજ્ઞાન કહે છે કે દર ૪૦ મિનિટે વ્યક્તિ પડખું બદલે છે. જેથી શરીરના એક જ ભાગ પર ભાર ન આવી જાય. પડખું બદલાતું રહે તો જ ઊંઘ તાજગી આપનારી બની રહે છે.

જીવનમાં અને સમગ્ર સૃષ્ટિનો એક જ સ્થિર નિયમ છે, પરિવર્તન.

**The only one constant thing is change.** પશુ, પક્ષી, વૃક્ષ, મનુષ્ય... પ્રતિપળ પરિવર્તન થતા રહે છે. દર સેકંડ શરીરમાં નવા નવા પરિવર્તન થતા રહે છે. બાળક, યુવાન, વૃદ્ધ...

બહાર વધુ બદલાય તે જરૂરી નથી, પણ વ્યક્તિનું આંતરપરિવર્તન થાય તે અત્યંત અનિવાર્ય છે. માણસને જે ઘરેડમાં ગોઠે તેમાં રહેવાનું ‘સેટ’ થઈ જાય છે. પ્રકૃતિની બહાર નીકળીને જીવનને ઊર્ધ્વગતિ તરફ લઈ જવું એ મોટો પડકાર છે.

ખાઈપીને જીવન પુરું કરી નાખી એ તો પશુ જીવન છે. પણ પ્રકૃતિમાં પરિવર્તન લાવી, તેની સંસાર તરફી દોડને બદલે પરમાત્મા તરફી બનાવવાનો સંદેશ આજની એકાદશી દ્વારા મળે છે.

# વામન જયંતી (ભાદરવા સુદ-૧૨)

ભારતીય સંસ્કૃતિમાં દસ અવતારોમાં એક વિશિષ્ટ અવતાર એ વામન અવતાર. વામન પોતે કશ્યપ અને અદિતિના પુત્ર હતા. શ્રીમદ્ ભાગવતમાં એ કથા આ પ્રમાણે છે.

એકવાર અમૃત મેળવવા માટે દેવ-દાનવો વચ્ચે સમુદ્રમંથન કરવામાં આવ્યું. આમાં દેવોના રાજા ઈન્દ્ર હતા. જ્યારે દાનવોના પક્ષે બલિ હતા. ઈન્દ્ર અને બલિની લડાઈથી બલિ મૃત્યુ પામ્યા. દાનવગુરુ શુક્રાચાર્યને વાતની ખબર પડી. તેમની પાસે રહેલા સંજીવની મંત્ર દ્વારા તેમણે બલિને પુનર્જીવિત કર્યો. બલિને હવે અંતદષ્ટિ થઈ. ઈન્દ્રને પરાજીત કરવા હવે તેણે યુદ્ધને બદલે યજ્ઞોનો માર્ગ અપનાવ્યો. ૧૦૦ યજ્ઞ કરનાર ઈન્દ્ર પદવીને પામે. એ શાસ્ત્રનું વચન હતું.

ભૃગુ કચ્છ (હાલનું ભરૂચ) નગરીમાં નર્મદાના કિનારે તેણે છેલ્લો સો મો યજ્ઞ આરંભ્યો. બલિનો આ અંતિમ યજ્ઞ જો સફળ થાય તે મારું ઈન્દ્રપદ જશે, તેથી તેણે ગભરાઈને માતા અદિતિને આમાંથી ઉગારવા પ્રાર્થના કરી. હવે તો બલિ પાસે યજ્ઞના પ્રતાપે દિવ્ય રથ, અક્ષય ભાથો અને અભેદ્ય કવચ પણ હતાં. અદિતિએ પતિ કશ્યપને વાત કરી કે હવે આપ આપણા દેવી પુત્રોનું વિઘ્ન દૂર થાય અને પુનઃ યશ, લક્ષ્મી અને સ્થાન પ્રાપ્ત કરે એવો ઉપાય બતાવો. કશ્યપ નિર્લેપભાવે બોલ્યા, ‘‘ભગવાનનું શરણ સ્વીકારી તેની ઉપાસના કરો. કેમ કે ગરીબોની ભક્તિ જેવી સફળ થાય છે તેવી બીજા કોઈની ભક્તિ સફળ થતી નથી.’’ આથી અદિતિએ ૧૨ દિવસનું પયોવ્રત કર્યું. પ્રભુ પ્રસન્ન થયા. અને તેમને અવતારી પુત્રનું વરદાન આપ્યું.

ભાદરવા સુદ-૧૨ના દિવસે અભિજીત મુહૂર્તમાં અદિતિની કૂખે ભગવાન વિષ્ણુ વામન રૂપે પ્રગટ્યા. ઈન્દ્રના નાના ભાઈ હોવાને કારણે તેઓ ‘ઉપેન્દ્ર’ પણ કહેવાય છે. જેવા તે અવતર્યા કે તરત જ બટુક થઈ ગયા. તેથી તેઓ વામન કહેવાયા. સ્વયં ગાયત્રીના અધિષ્ઠાતા દેવ સૂર્યએ તેમને ગાયત્રીનો મંત્ર આપ્યો.

પિતાની આજ્ઞા લઈ વામનજી બલિ રાજા પાસે ભૃગુ કચ્છ નર્મદા કિનારે પહોંચ્યા. અહીં બલિ નો અંતિમ ૧૦૦મો અશ્વમેઘ યજ્ઞ ચાલી રહ્યો હતો.

બલિ વામનજીના દર્શનથી પ્રભાવિત થયા. તેમની કાંતિ અને મનોહર સ્વરૂપ જોઈને આ છત્ર, કમંડળ અને પલાશ દંડ ધારી બટુક આગળ નમી પડ્યા. ને બોલી ઉઠ્યા, ‘‘હે ભૂદેવ ! મારી પાસે કંઈક દાન માંગો.’’

વામનજીએ એ વખતે કહ્યું, ‘‘હે બલિ ! મારે તો થોડી ભૂમિ જ જોઈએ છે. તે પણ મારા ત્રણ પગલાં જેટલી જ.’’

બલિ અત્યંત નવાઈ પામીને બોલ્યા, ‘‘બટુક ! ત્રણ પગલામાં શું ગુજારો થશે ? આજીવિકા ચાલે એટલું તો માંગી લો.’’

ભગવાન વામનજીએ કરુણા દષ્ટિ કરી બલિને કહ્યું, ‘‘રાજન્ ! દેવેચ્છાથી જે મળે તેમાં સંતોષી રહે તે સુખી છે. જે અજિતેન્દ્રિય છે તેનો તો ત્રિલોક આપો તોય તૃપ્ત કરી શકાતા નથી.’’

બલિ આ બટુકની નાદાનગી પર દયા ખાઈને તેનો આ મનોરથ પૂરો કરવા સંકલ્પ કર્યો. જેવું તેણે સંકલ્પ માટે હાથમાં જળ લેવા કમંડળ નીચું કર્યું કે તરત જ દૈત્યોના ગુરુ શુક્રચાર્ય કમંડળના નાળચામાં સૂક્ષ્મ કીટક બનીને પાણીની ધારા બંધ કરી દીધી. બલિએ એ નળીમાં સળી નાંખી ને તેમાં શુક્રાચાર્યરૂપે કીટકની આંખ ફૂટી ગઈ. ત્યારથી શુક્રાચાર્ય એક આંખવાળા થયા.

શુક્રાચાર્ય પુનઃ પ્રગટ થઈને બોલ્યા, ‘‘અરે

બલિ ! આ તો સ્વયં વિષ્ણુ છે. કપટ કરી તારું સર્વસ્વ છીનવી લેશે.''

આ જાણીને તો બલિ વધુ પ્રસન્ન થયા અને તેમણે પ્રતિજ્ઞા પાળી.

તરત જ એક અદ્ભુત ઘટના ઘટી. વામનજીનું સ્વરૂપ વિસ્તરવા માંડ્યું. જોત જોતામાં તો આકાશને અડી ગયું. પહેલા પગલામાં બંને ભૂજાઓ પ્રસારી પૃથ્વી અને દશે દિશાઓ આવરી લીધા.

બીજા પગલામાં મહર્લોક, જનલોક અને તપલોકથી પર સત્યલોક સમાઈ ગયા.

ત્રીજુ પગલું હવે ક્યાં મૂકવું ? એ માટે ભગવાને બલિને પૂછ્યું.

બલિ કહે, ''આ શરીર પણ પૃથ્વીનું જ સ્વરૂપ છે. મારા મસ્તક પર ત્રીજું પગલું મૂકો.''

વામનજીએ ત્રીજું પગલું બલિના મસ્તક ઉપર મૂકીને તેને સુતલમાં મોકલી દીધા.

બલિની આવી ભક્તિ જોઈ ભગવાન તેના બારણે બંધાયા. 'બલિદાન' શબ્દ આ પ્રસંગથી પ્રચલિત બન્યો. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દાન કયું ? તો બલિએ આપેલું દાન. ત્યારપછી સમાજમાં શ્રેષ્ઠ સમર્પણ માટે 'બલિદાન' શબ્દ વપરાવા લાગ્યો.

આ પ્રસંગે બલિના પિતામહ(દાદા) પ્રહ્લાદ પણ હાજર હતા. તેમણે વામનજીને કહ્યું, ''પ્રભુ ! આપનું આપવું પણ સુંદર છે અને આપનું લેવું પણ સુંદર છે.''

આજે પણ કુરુક્ષેત્રે (હરિયાણા)માં વામન મંદિર વિદ્યમાન છે.

જૂનાગઢ જિલ્લામાં વંથલી ગામ છે. તેનું મૂળ નામ છે વામનસ્થળી. એ સ્થળે વામનજીનો જન્મ થયો હોવાનું મનાય છે. ત્યાં વામનજીનું મંદિર છે. શ્રીજી મહારાજ વર્ણીવેશે અહીં પધારેલા અને એક રાત રોકાયા હતા. વામનજીની આરતી ઉતારીને આ મંદિરને તીર્થત્વ આપ્યું હતું.

બિહારમાં શહાબાદ જિલ્લાના બકસાર ગામે વામનજીનો આશ્રમ બતાવાય છે. જે સિદ્ધાશ્રમ નામે પ્રસિદ્ધ છે. શ્રીજી મહારાજે જૂનાગઢમાં મધ્ય મંદિરમાં રણછોડજી સાથે ત્રિકમજીની મૂર્તિ પધરાવી છે. આ ત્રિકમજી એટલે જ વામનજી. વામનજીએ ત્રણ પગલામાં બધું માપી લીધું હોવાથી તેમનું એક નામ છે : ત્રિવિક્રમ.

વામન જયંતીના દિવસે ભગવાનના દસે અવતારોની પૂજા કરવામાં આવે છે. દેવતર્પણ અને પિતૃતર્પણ કરવા માટે આ દિવસ ઉત્તમ છે.

વામનપુરાણમાં વામનજીના એકસો એકત્રીસ સ્થાનોનો નિર્દેશ મળે છે.

શ્રીજી મહારાજે વામનજીની સ્મૃતિ વચનામૃતમાં કરી છે. (વચ.ગ.પ્ર.-૬૧)


## ગૌશાળામાં દાન ભેટ કરવા માટે

**Trust Name: Swaminarayan Gaushala Trust • Saving A/c No.: 380010100038902 • IFS Code: BKID0003800 • Bank Details: Bank of India, Main Branch, Bhuj-370001**

દાન આપ્યા પછી તમારું નામ, સરનામું, મો.નંબર તથા પેમેન્ટ સ્ક્રીન શોટ નીચે જણાવેલ ઈ-મેઈલ / વોટસએપ કરવા નમ્ર વિનંતી

જે દાતાશ્રીઓને ઇન્કમટેક્ષ ની કલમ ૮૦ જી (80G) માં ૫૦% બાદ લેવું હોય તેમણે પોતાનો પાનકાર્ડ નંબર મોકલવા જરૂરી છે

**Email id: kothar@swaminarayan.faith • Whats App No.: +91 75676 07000**

# કવિ બ્રહ્માનંદની કમનીય કીર્તન કળા

લેખક:- મહાદેવ ધોરિયાણી

બ્રહ્માનંદ સ્વામીએ ભુજની વ્રજભાષાની પાઠશાળામાં ૧૦ વર્ષની નિવાસ કરી વિધિસર પિંગળશાસ્ત્ર અને અલંકારશાસ્ત્રનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. ભુજમાં સહજાનંદ સ્વામીના પ્રથમ દર્શને તેમને પ્રથમ કાવ્યની સ્કરુણા થઈ. મહારાજે તેમને દીક્ષા આપી ''શ્રી રંગદાસ'' નામ રાખ્યું

બ્રહ્માનંદ સ્વામીએ સ્વામી સહજાનંદ પ્રત્યેક અનન્ય ભક્તિ પ્રગટ કરતા કેટલાંક પદો લખ્યાં છે: 'આજની ઘડી', 'મારા હૃદિયામાંય', 'સહજાનંદ સહજાનંદ', 'સહજાનંદ સુખકારી રે', તથા 'સુણ સહેલી', એ પાંચ પદોમાં શ્રીજી મહારાજનો ઉલ્લેખ છે. બાકીના ચારેક જેટલા પદો એવા છે, જેનું સ્વરૂપ કૃષ્ણ ભક્તિનું છે પરંતુ એ પદો સહજાનંદ સ્વામીને અનુલક્ષીને લખાયેલા છે. અધમ ઉધારણ, રે સગપણ હરિવરનું સાચું, મેં ઢાઢી મહારાજકો તથા તારો ચટક રંગીલો છેડલો, એ ચાર પદો એ પ્રકારના છે. બાર મહિના અને ઘનશ્યામ અષ્ટાક એ બંનેમાં ઘનશ્યામ તરીકે શ્રીજી મહારાજનો ઉલ્લેખ છે.

તેમણે સ્વામી સહજાનંદના સ્વરૂપનો મહિમા પોતાની આગવી શૈલીમાં સુપેરે ગાયો છે.

''આજની ઘડી રે, ધન્ય આજની ઘડી,
મેં નીરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી''
''મારા હૃદિયામાંય રાત-દિવસ એક રટના સહજાનંદની
દગઆય વસી સુંદર શ્યામ સ્વરૂપ છબી જગવંદની''

ઉપરોક્ત પંક્તિઓમાં શ્રીજી મહારાજના મોહક સ્વરૂપનું ચિત્ર બ્રહ્માનંદ સ્વામી દોરી આપ્યું છે.આ બંને પદોમાં સહજાનંદ સ્વામી પ્રત્યે તેમની શ્રદ્ધા અને ભક્તિ વ્યક્ત થઈ છે.

'સહજાનંદ સહજાનંદ' અને સહજાનંદ સુખકારી રે એ બંને પદોમાં બ્રહ્માનંદ સ્વામી સહજાનંદમય બની જાય છે. શ્રીજી મહારાજની છબી ઉપર વારંવાર વારી જાય છે.

''બ્રહ્માનંદ વાર વાર છબી પર બલ જઈએ,
સહજાનંદ સહજાનંદ સહજાનંદ કહીએ.''

સહજાનંદ સુખકારી રે માં એક બાજુ પરમાત્માના નિરંજન નિરાકાર સ્વરૂપની વાત કરી છે તો બીજી બાજુ પરમાત્મા સંતોમાં રહે છે. પરમાત્મા સહજાનંદ સ્વરૂપે પ્રગટ થયા છે. સહજાનંદ ભીનેવાને છે અને બ્રહ્માનંદના સ્વામી છે. આ રીતે બ્રહ્માનંદ સ્વામી અપાર સુખ આપનારી સહજાનંદ સ્વામીની સલુણી મૂર્તિનો મહિમા હૃદયના અતર ઊંડાણથી ગાયો છે.


## વિદેશથી દાન ભેટ મોકલવા માટે

Trust name : Shree Swaminarayan Dwishatabdi Medical and Charitable Trust
FCRA Saving A/c No.: 40072999746 • Branch Code: 00691
IFS Code: SBIN0000691 • SWIFT Code: SBININBB104
Branch Address: FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch, 11, Sansad Marg, New Delhi-110001
Branch email id: fcra.00691@sbi.co.in • Mandir email id: kothar@swaminarayan.faith
Whats App No.: +91 75676 07000

# ભક્તવત્સલ ભગવાન

લેખકઃ- જોધાણી વંશી દેવજી

એક ગામમાં એક બહેન બહુ સારા સત્સંગી હતા. અચાનક તેમના પતિ કોઈક બીમારીનો ભોગ બનવાથી ધામમાં ગયા. બહેનને કોઇ પુત્ર પરિવાર ન હતો, ઉપરાંત ગામમાં કોઈ સત્સંગી પણ ન હતા. તેથી તેમણે વિચાર્યું જે, મારા માં-બાપ બહુ સારા સત્સંગી છે. તો હું આ બધી ધન સંપત્તિ મિલકત લઈ મારા પિયર જતી રહું તો સુખેથી ભગવાનનું ભજન થાય, આમ નક્કી કરી ગામના એક ખેડૂતને બોલાવ્યો. તેનું ગાડું ભાડે કર્યું. પછી પોતાની માલમિલકત ધન-સંપત્તિ ગાડામાં ભરી. પછી પોતે ગાડામાં બેસીને રવાનાં થયાં. આગળ જતા ખેડૂતની બુદ્ધિ બગડી.

તેણે વિચાર્યું કે, અત્યારે સારો લાભ છે, આ સ્ત્રી સિવાય અહીં બીજું કોઈ છે નહી, જો સ્ત્રીને મારી નાખું તો આ બધી મિલકત મારી થઈ જાય. પછી તેણે ગાડું ઊભું રાખ્યું અને કુહાડી હાથમાં લીધી. બહેન પાસે આવીને બોલ્યા, આ કુહાડીથી તારું ગળું કાપી નાખવાનું છે. પછી આખું ગાડું મારું! એમ કહી જોરજોરથી હસવા લાગ્યો ત્યારે તે બાઈ ગભરાઈ ગઈ અને ખેડૂતને કરગરવા લાગ્યા. હે ભાઈ! તું ભલો થા, દયા કર, મને જીવતી રહેવા દે. જો તારે મિલકત જોઈતી હોય તો હું તને આમાંથી ચોથો ભાગ આપું અથવા ત્રીજો ભાગ આપું. અરે! અડધો અડધો ભાગ આપું. એમ કહી બાઈએ રડતા રડતા ખેડૂતને બહુ પ્રાર્થના કરી. પરંતુ હરામી ખેડૂત એકનો બે ન થયો. ત્યારે બહેને કહ્યું, તું એમ કર મને મારા પિયર પહોંચાડી દે પછી આ બધી સંપત્તિ સહિત ગાડું તારા ઘરે લઈજા. પણ દયા કરીને મને જીવતી જવા દે, હું તને પગે લાગું. ત્યારે દુષ્ટ ખેડૂત બોલ્યો જો તને જીવતી મૂકું તો તું કોઈકને કહી દે પછી મારે જેલમાં જવું પડે ને. માટે તારો બધો બક્વાસ બંધ કર.

ત્યારે બહેન કહે, જો તારે મને મારી જ નાખવી હોય તો આ વસ્ત્રથી મારી આંખો અને મોઢું બાંધી દે. પછી મને માર કે જેથી મારે જોવું નહીં. પછી ખેડૂતે બહેનનું માથું અને આંખો વસ્ત્રથી બાંધી દીધા. પછી તો બહેન અતિશય ગદ્‌ગદ્ કંઠથી મહારાજને સંભાળવા માંડ્યા. હે મહારાજ! હવે તો દોરી તમારા હાથમાં છે. તમને જેમ યોગ્ય લાગે તેમ કરજો. જીવતા નહીં તો જલ્દી તેડવા આવજો. પછી મહારાજે કેવી લીલા કરી તમને ખબર છે! તો સાંભળો તો પાપી કુહાડી ઊંચી કરીને જ્યાં જોરથી મારવા જાય છે. તેવામાં લાકડાના હાથામાંથી કુહાડી નીકળીને બાજુમાં રહેલા કાંટાના જાળામાં પડી. એ જાળામાં એક ભયંકર એક કાળો નાગ રહેતો હતો. કુહાડી શોધવા ખેડૂતે જાળામાં જ્યાં હાથ નાખ્યો કે તરત જ નાગે એવો ડંસ માર્યો કે, ઓય બા....પા....! ખેડૂત ત્યાં ને ત્યાં જ ઢળી પડ્યો અને મરણ પામ્યો. આ બાજુ ભક્તવત્સલ ભગવાન પ્રગટ થયા એની આંખોના અને મોઢાના પાટા છોડ્યા. બાઈ તો મહારાજને જોઈ રાજી રાજી થઈ ગયાં. મહારાજને ભાવપૂર્વક પગે લાગ્યાં. ત્યારે મહારાજ કહે તને મારનાર તો ક્યારનોય મરી ગયો છે. પણ બહેન આવી રીતે એકલા આવા સમયે નીકળાય? અમે શિક્ષાપત્રીમાં ના પાડી છે ને. એમ મીઠો ઠપકો આપી પ્રભુ બળદની રાશ ઝાલી ગાડા ઉપર ચડી ગયા અને અર્જુનના રથની જેમ પોતેજ ગાડુ હાંકવા લાગ્યા. બહેનને ઠેઠ તેમનાં પિયર સુધી મૂકી ગયા પછી અદ્રશ્ય થઈ ગયા.

અહો! કેટલા દયાળુ ભગવાન! કેવા ભક્તવત્સલ પ્રભુ! આવા દયાળુ મહારાજ છે. તેઓ જ આપણા સાચા માં-બાપ છે. સાચા ભાઈ અને સાચા પતિ છે. જો તેને જ સાચો ધણી માની અખંડ તેમને રાજી કરતા રહીશું તો મહારાજ આપણને બહુ જ સુખિયા કરશે.

# ધર્મ અને વ્યાખ્યાઓ

લેખકઃ- રસિકભાઈ ગોળવિયા

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વિશ્વને ધર્મની વ્યાખ્યા ટૂંકમાં અકેદમ સહેલામાં સહેલી સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીમાં આપી છે કે, શ્રુતિ-સ્મૃતિમાં પ્રતિપાદન કર્યા જે સદાચાર તેને ધર્મ જાણવો એટલે કે ધર્મશાસ્ત્રોમાં જે જે કાર્યો કરવાની આજ્ઞા હોય તે ધર્મ જેના વડે ઉન્નતિ અને મુક્તિ બંને પ્રાપ્ત થઈ શકે. ધર્મ વિશે ખાસ અહીં ચર્ચા નહીં કરતા પૂર્વ ધર્મશાસ્ત્રોએ અને ઋષિમુનિઓએ કે ધર્મચાર્યોએ ધર્મની વ્યાખ્યા આપણને બતાવી છે તે જોઈ એ.

- વેદમાં બતાવ્યું છે કે જે ધર્મનો અર્થ જેનાથી આ લોકમાં અભ્યુદય-ઉન્નતિ અને પ્રગતિ થાય અને પરલોકમાં મોક્ષ પામે તે ધર્મ.
- મહાભારત જે વિશ્વને ધારણ કરે છે તેનું નામ જ ધર્મ. ધર્મ વિના વિશ્વ એકપલ પણ ટકી શકે નહીં.
- ઉપનિષદો સત્યંવદ ધર્મંચર ધર્મોરક્ષતિ રક્ષિતઃ એટલે કે ધર્મનું આચરણ કર અને સત્ય બોલ તેથી ધર્મ તારૂ રક્ષણ કરશે તેમાંજ ધર્મ છે. રક્ષણ કરાયેલ ધર્મ રક્ષણ કરે છે.
- વેદવ્યાસજીશ્રીમદ્‌ભાગવદ્‌પુરાણ આત્મા પરમાત્માનું હિતકર જ્ઞાન મેળવવું તે ધર્મ.
- યાજ્ઞવલ્કય ઋષિ અહિંસા પરમો ધર્મ તેમજ આત્મદર્શન કરવામાં આવે તે પરમ ધર્મ.
- કણાદ ઋષિ ધર્મ એટલે કે જે દ્વારા માનવીની માનવ તરીકેની ચડતી સાથે સાથે પરમ કલ્યાણની પ્રેરણા થાય તે છે ધર્મ.
- મહાત્મા વિદુર નીતિ માણસને ખોટું કરતાં રોકે છે. જ્યારે ધર્મ માણસને સાચું કરવાજ પ્રેરે છે. એટલે કે નીતિમત્તા સાથે વિવેક એ ધર્મ.
- ઋષિમુનિઓ માણસને અધોગતિમાંથી અટકાવી ઊર્ધ્વગતિ કરાવે તેનું નામ ધર્મ.
- શંકરાચાર્ય આત્માને જડવૃત્તિ માંથી બહાર કાઢી ચૈતન્યમાં લાવવો તે ધર્મ.
- જૈન શાસ્ત્રમાં જીવ માત્ર પ્રત્યે મધુર લાગણી દયા પ્રેમ મીઠાશ તે ધર્મ.
- વિવેકાનંદ નિઃસ્વાર્થી પણું એ જ સદાચાર તેજ ધર્મ.
- ચીની મહાત્મા ઈમાનદારી જેવું એક રજકણ સોનાની ઈંટ કરતાં અતિ અમૂલ્ય છે તેથી મનુષ્ય મનુષ્ય પ્રત્યે કે કોઈ જીવપ્રાણીમાત્ર પ્રત્યે રાગ દ્વેષ મટાડે તે ધર્મ.
- નિષ્કુળાનંદસ્વામી પોતાના કાવ્યમાં સાર સિદ્ધી પ્રકરણ કડવું ૨૮ કડી ૯ માં ધર્મ ધર્મ સહુ કહો પણ ધર્મમાં બહુ મર્મ છે પ્રગટ પ્રભુના વચન પાળે એથી કોઈ મોટો ધર્મ છે?
- ગોપાળાનંદ સ્વામી ધર્મ બે પ્રકારના એક લૌકિક જે વર્ણાશ્રમના ધર્મ તે પાળવાથી આ લોકમાં વિખ્યાતિ અને માન મળે. પણ પરલોકમાં વિષયને પમાડે છે જ્યારે એકાંતિક ધર્મ વિષયથી અનાસકત થઈ ભગવાન સુધી પહોંચાડે તે ધર્મ.
- ગાંધીજી સત્ય, અહિંસા અપરિગ્રહ આજ ખરો ધર્મ છે.
- ડોંગરેજી મહારાજ અહિંસા, દયા પરોપકાર અને સત્ય આથી કોઈ મોટો ધર્મ નથી એટલ કે શુદ્ધ આચાર, શુદ્ધ વિચાર, શુદ્ધ વિહાર અને વર્તન એજ ધર્મમાં આવી જાય છે.
- એક સમાજશાસ્ત્રી માણસમાં માણસાઈ પ્રગટાવવાનું કાર્ય થાય તે છે ધર્મ.
- શ્રી વલ્લભાચાર્ય ભક્તિમાં પૂર્ણ સમર્પણ સેવી પરબ્રહ્મ પરમાત્માને ભજવા તે ધર્મ.

ધર્મ શબ્દ બહુજ વિશાળ છે આ ધર્મથી પ્રજાની દૃષ્ટિનું ઘડતર થાય છે એક સારું વાતાવરણ સર્જે છે ધર્મ

માણસને અભય બનાવે છે. આમ ધર્મનો મર્મ ઘણો જ છે. શ્રી નરનારાયણદેવ ગાદીના ૬ આચાર્ય (નિવૃત્ત) પરમપૂજ્ય તેજેન્દ્રપ્રસાદજી મહારાજે કહ્યું કે ધર્મ તો જરૂરી છે પણ ધર્મનું ઝનૂન બહુ જરૂરી છે ઝનુન વિવાદોનું નહીં. પણ આચરણનું આજ્ઞા પાળવાનું ઝનૂન હોવું જોઈએ ધર્મમાંજ સુખની ચાવી છે. સદાચાર એ જ ધર્મ છે. તેમજ વર્તમાન આચાર્ય મહારાજશ્રી પરમ પૂજ્ય કૌશલેન્દ્રપ્રસાદજી એ એક એવી વાત કરેલી છે કે ધર્મ એક આચરણનું એવું શસ્ત્ર છે. જે દુઃખ અને દારિદ્ર બંનેનો નાશ કરે છે. આમ ધર્મ માટેની વ્યાખ્યાઓ પોતે પોતે જે કાંઈ સમજયા છે તે રીતે કરેલ છે. પણ ભગવાન સ્વામિનારાયણની અને તેમના સંતો એ આપેલી વ્યાખ્યા બહુ જ સરળ અને સહેલી રીતે સમજાય તેવી છે.

---

# મુસ્લિમ ભક્ત મિયાજી

જોધાણી રમીલા દેવજી ભક્તિનગર માનકુવા

મિયાજી શ્રી હરિના અંગરક્ષક હતા. માતાનું એક માત્ર સંતાન હતા. પિતાજી નાનપણમાં જ ગુજરી ગયેલા. ઘરની બધી જવાબદારી મિયાજી પર આવેલ. એક વખત નોકરી શોધતા-શોધતા ગઢડા આવેલા. મહારાજ તેમને નોકરીએ રાખેલ અને માણકીને સંભાળ લેતા અને શ્રીજીના હજુરી પાર્ષદ બન્યા.

એકવાર ફરતાં-ફરતાં મહારાજ મિયાજીના ગામ સાવરકુંડલા પધાર્યા. તેની માંને જાણ થતાં. મહારાજ ને મળવા ગયાં. તેની માંએ પુત્રની માંગણી કરી કે, મારો પુત્ર આપો મારો કોઈ આધાર નથી. મહારાજ કહે અમે જીવનનિર્વાહની વ્યવસ્થા કરી દઈએ તો? ત્યારે માજીએ કહ્યું કે તો તમે મારા દીકરાને તમારી સેવામાં જરૂર રાખો શ્રી હરિએ આજીવિકા માટે એક ખાંડણી અને દસ્તો આપ્યા અને કહ્યું કે, આ દેશી દવા માટે હરડા- બહેડા અને આંબળા ઓને ખાંડીને તેની પડીકી બનાવીને જે રોગી-બીમાર હોય તેને આપજો. આ એક જ પડીકીથી સારું થઈ જશે અને પડીકી ની કિંમત એક પૈસો લેજો, વધારે લોભ ન કરજો. પછી માજી ઘરે આવીને લોકોને એક પડીકી આપવા લાગ્યા. માજીની દવાથી દરેકને સારું થવા લાગ્યું અને માજીની આર્થિક સ્થિતિ સુધરી ગઈ. પછીતો માજીએ કામવાળા માણસો રાખ્યા. માજીની તબિયત પણ સારી થઈ ગઈ. માજી ખૂબ જ સુખી થઈ ગયા. મહારાજની દયાથી પોતે પણ આંખે દેખતા થઈ ગયાં.

એકવાર શ્રી હરિ ગઢડામાં સાંજને સમયે કથા કરાવતા હતા. ત્યારે મહારાજ બોલ્યા કે, અમારે લક્ષ્મીવાડી જવું છે. તે સાંભળી રતનજી અને મીયાજી તરત વાડીએ જઈ શ્રી હરિની બેઠક વ્યવસ્થા કરી દીધી. તે સમયે સૌ હરિભક્તો દાદાના દરબારમાં બજારના ડૂંડા વીણતા હતા. મહારાજે લક્ષ્મીવાડી જવાનું કયુ એટલે સેવા કરતાં સૌ ભક્તો બાજરને એમને એમ મૂકી મહારાજની સાથે લક્ષ્મીવાડી એ ગયા અને સભા કરીને બેઠા અને બોલ્યા કે અહીં ઘરના ધણી નહિ હોય, તો દાદાની સામે જોવા લાગ્યા ત્યારે મહારાજ કહે તમે બાજરાનું ખડ મૂકીને કેમ અહીં આવતા રહ્યા. સમું કરવાનું સૂઝયું નહીં. પછી રતનજી અને આજે દરબાર ગઢમાં જઈ બધું વ્યવસ્થિત કરી દીધું. લક્ષ્મીવાડીમાં પણ બેઠક વ્યવસ્થા કરી માટે સાચા ઘરધણી તો રતનજી અને મિયાજી છે. મહારાજ તેમની ઉપર રાજી થયા. એટલે મહારાજે (મધ્યના ૪૧માં) વચનામૃતમાં મિયાજીની સેવા વખાણતા કહે છે કે માન વિનાની ભક્તિ તો રતનજી અને મિયાજી જેવા કોઈક જ કરતા હશે.

# મારા જનને અંતકાળે....!

લેખકઃ- કીર્તિ.પી. ધોળકીયા

શ્રી હરિ નું બિરુદ છે કે, ''મારા જનને અંતકાળે,
જરૂર તેડવા આવવું, બિરૂદ મારું બદલે નહીં,
એ સર્વ જનને જણાવવું''.
(ભક્તચિંતામણી પ્ર.૬૮ કડીઃ૯)

શ્રીજી મહારાજ પોતાના અનન્ય આશ્રિતોને અંતકાળે પોતાના ધામની પ્રાપ્તિ કરાવશે તેવું વચન આપ્યું છે. વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીના ૬૮ પ્રકરણમાં ૯ કડીમાં શ્રીજી મહારાજનો આ કોલ લખ્યો છે. તે અનુસાર શ્રીહરિ પોતાના આશ્રિતોને અગાઉથી જાણ કરીને ભક્તને અંતકાળે ધામમાં તેડવા આવે છે. આવા હજારો દાખલાઓ સંપ્રદાયના ઈતિહાસમાં લખાયેલા છે. અને અનુભવાયેલા પણ છે.

મહારાજમાં હેતવાળા અને નિયમ ધર્મના આગ્રહી કોઈપણ ભક્તને પૂછશો તો તે અચૂક કહેશે કે અમારા વડીલોને મહારાજ ધામમાં તેડી ગયા છે. આ વાત આજ પર્યંત સત્ય ઠરે છે.

પોતાના આશ્રિત છે માટે નહીં. પણ જેણે કંઠીની ગરિમા જાળવી છે. જે શિક્ષાપત્રીના નિયમોને ચુસ્ત પણે હેતપૂર્વક પાડે છે. જેણે સંસારની ભોગાદિક વાસના ત્યજી દીધેલ છે. મોહ,માયા, મમતાથી જે પર છે. જેને ભગવાન સિવાય બીજે ક્યાંય હેત નથી. જે સંપૂર્ણ નિર્વાસનિક થઈ ગયેલ છે. તેવા એકાંતિક ભક્તને મહારાજ પોતાના ધામની પ્રાપ્તિ કરાવે છે. ફક્ત કંઠી પહેરી અને કહેવા પૂરતો તિલક-ચાંદલો કર્યો એવા બહારના આચારવાળા ભક્તોને પ્રભુ ધામમાં નથી લઈ જતા. તેને તો બદ્રિકાશ્રમમાં તપ કરાવી વાસના તોડાવી ચોખ્ખો કરી પછી ધામમાં લઈ જાય છે.

જેમ ભાલ પ્રદેશના ધરતીને ધાવીને ઉછરેલા છાશિયા ઘઉં ઉત્તમ ગણાય છે. તેમ કચ્છની ખમીરવંતી ધરતીના ધીંગા જણ સંપ્રદાયમાં મુઠ્ઠી ઉંચેરા ગણાય છે. તેમનો સત્સંગ અને નિયમ પાલનની દ્રઢતા સંપ્રદાયમાં દીવાદાંડીરૂપ ગણાય છે.

કચ્છ પ્રદેશમાં રોહા ગામ (અપભ્રંશ નામઃ રવા તા. નખત્રાણા) છે. તે ગામમાં વર્ષો પૂર્વે વિયોશા શાહ નામના વૈષ્ણવ વણિક રહેતા હતા. પોતાને તો સત્સંગનો યોગ હતો પણ તેમના કુટુંબીજનોને સત્સંગ ન હતો. બલ્કે કુસંગી હતા. આ વિયોશા શેઠ કુંસગીઓ વચ્ચે શિરસાટે સત્સંગ રાખતા.

એકવાર તે પોતાના સગાસંબંધીઓના સંઘ સાથે પરગામ વેપાર અર્થે ગયા. અત્યારે જે મુસાફરી સરળ છે તેવી રીતે અગાઉ સરળ ન હતી. તેમાં અનેક કષ્ટો, મુશ્કેલીઓ, માંદગી આવતી. જમવા, સૂવા માટેનો સરસામાન સાથે રહેતો. વાટ ખર્ચી પણ સાથે રાખવી પડતી. રસ્તામાં કોઈ સારો સસ્તો નવીન માલ મળે તો તે માલ પોતે ખરીદી પણ લેતા.

આમ પોતે પણ ગામ જતા હતા. પોતે હરિભક્તિ એટલે સત્સંગીને શોભે તેવી ક્રિયા, આચાર વ્યવહાર રાખતા. નિયમ ધર્મ, નહાવું ધોવું, પૂજાપાઠ કરતાં જોઈ સાથેના સગાં સ્નેહી ઈર્ષાથી મોં મચકોડ તાઃ

'આ પોતે ધખારા હોય? બહાર ગયે ખાવા પીવાની બધી છૂટ રાખવી જોઈએ!'

શેઠ આવા મર્માળા વેંણ સહન કરતા. એવામાં પાણી ફેરને લીધે તેમને ટૂંટિયાનો રોગ (ઝાડાઉલટી) આવ્યો. માંદગી ગંભીર બની અને મરણતોલ બની ગઈ. અંતકાળ જેવું થઈ ગયું.

ત્યારે સાથેના કુસંગીઓ તેમને મેણાં મારવા માંડ્યાં કે, 'તમારામાં તો હરિભક્ત હોય તેને તમારા સ્વામિનારાયણ તેડવા આવે છે ને? કેમ તેડવા ના આવ્યા?'

ત્યારે શેઠ કહે, 'આ જો આવ્યા.....! મને પ્રભુ ધામમાં લઈ જવા આવ્યા. હું તેમની સાથે ધામમાં જાઉં છું'.

ત્યારે કુસંગીઓ કહે, 'એવું ખોટું ખોટું તો બધા કહે. કાંઈક નિશાની આપો તો માનીએ કે તમે સાચે ધામમાં ગયા છો.'

ત્યારે શેઠ કહે, લ્યો! હું તમને નિશાની આપું મને અહીં બેઠા દેખાય છે કે, આપણા ગામના માણસો વાડીમાં ઘાસ વાઢવા ગયા છે. સાંજ પડી ગઈ. તેથી કોટવાળે દરવાજો બંધ કરી દીધો. હવે ગામમાં પેસવું કઈ રીતે? ત્યારે ગામનો હંસરાજ નામનો ખેડૂત આડા માર્ગે થઈને ગામમાં પેઠો. સૈનિકોએ તેને ચોર જાણી જેલમાં પૂર્યો છે. આ સાબિતી લ્યો ? તમે ગામમાં જઈને પૂછજો કે, આવું બન્યું હતું કે કેમ?

કુસંગીઓ ઘણાં સમય પાછા ગામમાં આવ્યા. ત્યારે તિથિવાર પ્રમાણે આ બનાવની વાત તેમણે ગામ લોકોને પૂછી તો કહે સાચી વાત છે.

ત્યારે કુસંગીઓને વાત મનાણી કે, શેઠ સાચે જ ધામમાં ગયા છે. સ્વામિનારાયણ ભગવાન તેમને તેડવા આવ્યા હતા.આમ તેઓને પ્રભુનો અને શેઠનો ગુણ આવ્યો.

# સત્સંગ સમાચાર દેશ

## હિંડોળા મહોત્સવ ઉદ્‌ઘાટન ભુજ

હિંડોળા મહોત્સવ સમયે અવનવા આકર્ષક પ્રકલ્પો રજૂ કરવા માટે આપણું ભુજ મંદિર જાણીતું છે. ક્યારેક વિશાળ વિમાનમાં હિંડોળામાં શ્રીહરીને ઝુલાવે તો ક્યારેક દાદા ખાચરનો દરબાર સાક્ષાત્ તૈયાર કરી તેમાં હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવે! આ વર્ષે સદૈવ વંદનીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી હિંડોળા સમિતિના સંતોએ કોઠારી સ્વામીના માર્ગદર્શન હેઠળ ૨૦૦ જેટલા કલાત્મક નયનરમ્ય જુદી જુદી જાતના હિંડોળામાં શ્રીહરિને ઝુલાવવાનો પ્રકલ્પ રજૂ કરવામાં આવ્યો. જેનું ઉદ્‌ઘાટન તા. ૦૪-૦૮-૨૦૨૧ના અષાઢ વદ-૧૧ એકાદશીના રોજ મહંત સ્વામીનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું. જેમાં ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી,સ.ગુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતો તેમજ યજમાનો જોડાયા હતા અને હરિભક્તોના દર્શનાર્થે હિંડોળા ખુલ્લા મૂકવામાં આવેલ. શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ભવ્ય ૨૦૦ હિંડોળામાં એકસાથે શ્રી હરિને ઝુલાવવામાં આવ્યા. આ હિંડોળા હરિભક્તો પોતાની શ્રદ્ધા, આસ્થા અને કલાની અભિવ્યક્તિની પ્રસ્તુતિ કરવા પોતપોતાના ઘરે તૈયાર કરીને લાવ્યા હતા જે આ મહોત્સવની અનેરી ખાસિયત હતી. હરિભક્તોએ પોતાની નિષ્ઠાનો નિચોડ આ હિંડોળામાં ઠાલવી દીધો છે. માત્ર હિંડોળાના દર્શન જ નહીં પરંતુ શ્રીજી મહારાજે કરેલી લીલાઓનું આબેહૂબ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું અને આજના દિવસે શ્રી ઠાકોરજી આગળ કમલમ ફળનો અન્નકૂટ પણ ધરવામાં આવ્યો હતો. આવા અલૌકિક અદ્‌ભુત દર્શનનો લ્હાવો લઈ સૌ સંતો અને હરિભકતો કૃતકૃત્ય થઈ ગયા હતા. આવા ચિરસ્મરણીય દર્શનનો લાભ નસીબવંતા ભક્તોને જ મળે.

પરમ પૂજ્ય મહંત સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન સમયે પ્રસન્નતા વ્યક્ત કરી, આવા પ્રકલ્પો અને હિંડોળા તથા પ્રદર્શન તૈયાર કરનાર હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સંતો અને ભક્તોને બિરદાવી ભક્તિને વધુ દૃઢતા પ્રાપ્ત થાય તેવા સત્કાર્યો કરવાની સંમતિ પ્રાપ્ત થાય તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

હિંડોળા ઉદ્‌ઘાટન એવં કમલમ ફળકૂટ ઉત્સવના યજમાન પદે પ.ભ.જાદવા રામજી ખીમાણી ધ.પ.કાનબાઈ, સુપુત્ર રવજીભાઈ ધ.પ. ભાવિકાબેન, પુત્ર દિવ્ય પુત્રી મનસ્વી સુત વિનોદભાઈ જાદવા ધ.પ. તારાબેન, પુત્રી નંદનિ, દિક્ષા, સુત લાલજીભાઈ જાદવા ધ.પ. મનીષાબેન પુત્ર જગદિશ, અક્ષર, તેજસ, પુત્રી હર્ષિનિ હરિશ પાંચાણી (કેરા) સપરિવાર- દહિંસરા રહ્યા હતા.

દરરોજ ખુબ મોટી સંખ્યામાં ભક્તોએ આ દર્શનનો લાભ લીધો હતો.

---

## ભુજ મંદિરે
## ગુરુ પૂર્ણિમા પર્વ ૨૦૨૧ની ઉજવણી

આપણું ભુજ મંદિર પ્રાચીન કાળથી વારસામાં મળેલ પ્રણાલિકાઓ મુજબ ધાર્મિક, આધ્યાત્મિક અને સંસ્કારયુક્ત પરંપરાઓનું જતન કરી આપણી સંસ્કૃતિની ગરિમા અને ખુમારી જાળવતું આવ્યું છે. આપણી સંસ્કૃતિમાં ગુરુને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત થયું છે અને આપણે ગુરુપૂર્ણિમાના દિવસે પૂજ્યભાવ સાથે ગુરુનું પૂજન કરીએ છીએ. દર વર્ષે ભુજ મંદિર દ્વારા ત્રણ દિવસ સુધી રાત્રે સભાનું આયોજન કરી

ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાય છે. જુલાઈ માસની તા. ૨૩,૨૪ અને ૨૫ ના રાત્રી સભાનું આયોજન કરવામાં આવેલ. ભુજ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળ દ્વારા ''વૈષ્ણવ જન તો તેને કહીએ'' વિષય પર રાત્રે સભા યોજાઈ હતી. રાત્રીસભાના પ્રારંભે મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીનું વિધિવત પૂજન ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો દ્વારા કરવામાં આવ્યું હતું.

હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ગુરુપૂજન સમયે વાતાવરણમાં હર્ષોલ્લાસ, ઉમંગ અને આદરભાવ પણ વ્યાપેલો હતો. ગુરુપૂજનના આવા અનેરા અવસરની પ્રાપ્તિ થતા સૌ ખુશખુશાલ હતા અને વિદ્વાન વક્તાની વાણીનું શ્રવણ કરવા આતુર હતા.

કથા પ્રારંભ પહેલાં ત્રણેય રાત્રીસભામાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા ''વૈષ્ણવ જન તો તેને કહીએ'' ના વક્તા પુરાણી સ્વામી પરમહંસદાસજીનું અને સત્‌શાસ્ત્રનું સર્વશ્રી જાદવજીભાઈ વરસાણી, રાજેશભાઈ ગોર, નિલેશભાઈ પટેલ, નારણભાઈ રાબડીયા, આદિ હરિભક્તોએ સંપૂર્ણ આદર સાથે પૂજન કર્યું હતું.

વ્યાસાસને વિરાજમાન વકતાશ્રીએ મુખ્ય વિષયને પ્રસ્તુત કરતાંની સાથે ગુરુની ગરિમા અને મહિમા વર્ણવી હતી ગુરુ પાસેથી મેળવેલા સંસ્કારોની વાત રજૂ કરી. ''વૈષ્ણવ'' કોને કહેવાય તેની વ્યાપક છણાવાટ કરી હતી. તેમણે વધુમાં જણાવેલ કે ''વૈષ્ણવ જન તો તેને કહીએ'' કીર્તન સુપ્રસિદ્ધ કીર્તન છે અને લગભગ દરેકને કંઠસ્થ હશે. તેઓએ આ કીર્તનનું સમૂહગાન કરાવી આખા કીર્તનમાં દર્શાવેલ માનવના સદગુણો અને માનવ કેવો હોવો જોઈએ તેની સ્મૃતિ તાજી કરાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે કીર્તનમાં દર્શાવેલ બાબતોના સાક્ષાત્‌ દર્શન કરવા હોય તો તેના રચયિતા ભક્ત શિરોમણિ નરસિંહ મહેતાના જીવનને જોઈ લો તો આ કીર્તનમાં રજૂ કરેલી તમામ બાબતો તમને જોવા મળશે. આપણા સંપ્રદાયના નિષ્કુળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, આદિએ પણ વૈષ્ણવ ભક્ત વિષે કીર્તનો લખ્યા છે. અને ભગવદ્‌ ગીતાના ૧૨ અધ્યાયમાં પણ પ્રભુને કેવો ભક્ત ગમે તે વિષે વર્ણવેલું છે. એવું જણાવી વક્તા શ્રી એ આ બાબતો પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો.

ત્રણે દિવસ રાત્રી સભાના સત્રમાં કીર્તનના એક એક પદ એક એક શબ્દ વિષે મનનીય, ચિંતનશીલ વ્યાખ્યાન સાદી સરળ છતાં સચોટ શૈલીમાં રજૂ કરી શ્રોતાગણને કૃતકૃત્ય કરી દીધા હતા. રાત્રીસભામાં રજૂ થયેલ બોધમાંથી થોડું ઘણું પણ જીવન સાથે વણી લેવાય તો બેડો પાર થઈ જાય, જીવન સાર્થક થઈ જાય અને ''વૈષ્ણવ જન જેવું'' જીવન પ્રાપ્ત થાય! સાદા અને સરળ લાગતા આ વિષયની ગહનતાનો પરિચય પ્રાપ્ત કરતા શ્રોતાઓ મંત્રમુગ્ધ બની શ્રવણભક્તિનો લાભ લેતા હતા.

ગુરુપૂર્ણિમા મહાપર્વનું સંચાલન ખૂબ જ સુંદર રીતે પ્રસંગોચિત બાબતોના ઉલ્લેખ સાથએ યુવા અને ઉત્સાહી સંત સ્વામી કપિલમુનિદાસજી એ કર્યું હતું. વ્યવસ્થા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ સંભાળી હતી. દરરોજ રાતે સત્ર બાદ હરિભક્તોને પ્રસાદ પીરસાયો હતો.

---

## સ્વામી ઘનશ્યામવિહારીદાસજીનો અક્ષરવાસ

કેટલીક વિભૂતિ એવી હોય છે કે તેનાં જન્મ થકી તેના ગામ-વતનનું નામ સાંપ્રદાયિક ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થઈ જાય છે અને તેના કુળનું નામ રોશન થઈ જાય છે. આવી જ એક વિભૂતિ અ.નિ. સ્વામી ઘનશ્યામવિહારીદાસજી હતા. માંડવી તાલુકાના ભારાપર ગામે ખેડૂત પરિવારમાં કાનજીભાઈ

હિરાણીનાં ધર્મ પત્ની વીરબાઈની કૂખે જન્મ થયો. વધુ એક પુત્ર રત્નની પ્રાપ્તિનો આનંદ હૈયામાં સમાતો ન હતો. વિશેષ આનંદ તો એ વાતનો હતો કે શ્રી સ્વામિનારાયણ ભગવાનની સેવાર્થે તેમના શ્રીચરણોમાં વધુ એક પુત્ર અર્પણ કરી શકાશે. પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો આવો અનેરો અવસર પ્રાપ્ત કરનારા પરિવારમાં ધાર્મિક અને સાંપ્રદાયિક સંસ્કારો એક પ્રેરક ઉદાહરણ છે. વીરબાઈ અને કાનજીભાઈની શ્રદ્ધા અને સમર્પણ ખરેખર વંદનને પાત્ર છે. તેઓએ પોતાના ત્રણ-ત્રણ સુપુત્રો શ્રી હરિની સેવાર્થે સમર્પિત કરેલા છે. અક્ષર નિવાસી સંતના મોટાભાઈ સ્વામી પરમહંસ દાસજી તથા નાનાભાઈ સ્વામી ભક્તિવિહારીદાસજી ભૂજ મંદિરમાં જ સેવામાં પ્રવૃત છે.

અક્ષર નિવાસી આ સંતે વિક્રમ સવંત ૨૦૪૪ આસો વદ ત્રીજ શુક્રવારે તારીખ ૨૧-૧૦-૧૯૮૮ના સપરમાં દિવસે દીક્ષા ગ્રહણ કરી ભગવત્ સેવાર્થે ભગવા વસ્ત્રો ધારણ કરી લીધા. પોતાની સૂઝ, સમજ, સદ્વિચારો અને સામર્થ્યનો ઉપયોગ સત્સંગની વૃદ્ધિ માટે કર્યો. દક્ષિણ ભારત જઈ સંસ્કૃતનો અભ્યાસ કરી પૌરાણિક શસ્ત્રોનો મનન અને ચિંતન સાથે અભ્યાસ કરી ભક્તિમાં દ્રઢતા  લાવવા ઉપયોગ કર્યો. જ્યારે જ્યારે મૂંઝવણ અનુભવી ત્યારે ત્યારે પોતાના ગુરુ સદગુરુ સ્વામી નારાયણસેવકદાસજી સમક્ષ અતિ વિનમ્ર દાસત્વભાવ સાથે હૈયું ઠાલવ્યું અને માર્ગદર્શન મેળવી મૂંઝવણ દૂર કરી. પોતાના ગુરુ બંધુઓમાં પ્રિય એવા આ સંતનું પૂર્વાશ્રમનું નામ વિશ્રામ હતું પરંતુ સંત બન્યા પછી લાગલગાટ ૩૩ વર્ષ સુધી શ્રીજી મહારાજ અને સંપ્રદાયની સેવામાં એવાતો પ્રવૃત્ત રહ્યા કે તમને આરામ કરવાની તક જ ન સાંપડી. મંદિરોના નિર્માણની વાત આવે તો તેમનું યોગદાન અચૂક સામે આવે. ભુજના નૂતન મંદિરના નિર્માણ સમયે (એકનટ જેમ દોરડા પર દોડી જાય તેમ) ખૂબ જ ઊંચા અને તોતીંગ ક્રેઈનની કમાનો પર જીવના જોખમે એક છેડાથી બીજા છેડા પર સડસડાટ પહોંચી જઈ મોટી શિલાઓ અને શિખરો તેમણે ગોઠવેલા. ભાટના વિશ્રાંતિ ભવનના નિર્માણમાં પણ તેમનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેઓ કંઠી બનાવવા ખૂબ રસ ધરાવતા. તેમની બનાવેલી કંઠી આજે અનેક હરિભક્તોની ડોકનો શણગાર બની સત્સંગી હોવાની ઓળખ આપે છે. તેઓ ગોળની ચકી બનાવવામાં નિપૂણ હતા. ચકી બનાવી ઠાકોરજીને ભોગ ધરાવતા. હરિભક્તોમાં અતિ પ્રિય આ સંતે સંતોના હૃદય પણ જીતી લીધા હતા. નિર્ભય-નિર્માની આ સંતે તા. ૦૨-૦૮-૨૦૨૧ અષાઢ વદ-૧ દેહત્યાગ કરી અક્ષરધામ માટે સીધાવ્યા હતા. તેમની સ્મૃતિ સૌના હૃદયમાં અને સંપ્રદાયમાં અંકિત રહેશે તેઓને શ્રીજી પોતાના ચરણનું સુખ આપે.

- ભરતભાઈ મહેતા

---

## ભુજ મંદિરે સમૂહ ભાગવતનું આયોજન કરાયું

પોતાના આત્મીયજન અને પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવતની કથા પારાયણ કરવાની પૌરાણિક પરંપરા હિંદુ ધર્મમાં ચાલી આવે છે. આ પ્રણાલિકાને અમલમાં મૂકી કથાનું આયોજન કરવાનું કાર્ય અતિ દુષ્કર અને ખૂબ ખર્ચાળ હોવાથી અનેક જણની ઈચ્છા મનમાંજ રહી જાય છે અને કથા નથી કરાવી શકતા. આવી સમસ્યા નિવારવા શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા શ્રીમદ્ભાગવત કથા પારાયણનું ભવ્યાતિભવ્ય આયોજન દર વર્ષે કરવામાં આવે છે. જેમાં સામાન્ય માણસ પણ ખૂબ જ ઓછા અને મામૂલી ખર્ચે પોથી નોંધાવીને પિતૃઓના મોક્ષાર્થે કથા પારાયણમાં જોડાઈ શકે છે. ભુજ મંદિરની આ પ્રવૃત્તિ સામાન્ય હિંદુ પરિવારો માટે આશીર્વાદ સમાન છે.

તાજેતરમાં શ્રાવણ સુદ-૨ તા. ૧૦-૦૮-૨૦૨૧ થી શ્રાવણ સુદ-૮ તા. ૧૬-૦૮-૨૦૨૧ સુધી શ્રીમદ્

ભાગવત સપ્તાહનું આયોજન ખૂબ જ વ્યવસ્થિતે સુંદર અને ભવ્ય રીતે કરાયું હતું. જેનો લાભ ૪૫૧ પરિવારોએ પોથી નોંધાવીને લીધો હતો. એક સાથે આટલી મોટી સંખ્યામાં નોંધાયેલ પોથી યજમાનો માટે તથા સંબંધિત બાબતોની વ્યવસ્થા કાર્ય પાર પાડવું રમત વાત નથી. પરંતુ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તેમજ સદૈવ વંદનીય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી એવં વડીલ સંતોના આશીર્વાદથી ભુજ મંદિરના સંતોએ ખૂબ જ પ્રશંસનીય રીતે તમામ વ્યવસ્થાઓ સંભાળી લીધી હતી.

કથા પારાયણના સાતેય દિવસ દરમિયાન ભુજ મંદિરના વિદ્વાન વક્તા સંતો સર્વ શ્રી શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, પુ. સ્વામી ભક્તવત્સલ દાસજી, પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી, પુરાણી. સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. સ્વામી સુખનંદનદાસજી, તથા શા. સ્વામી આનંદવલ્લભદાસજી એ વ્યાસાસને વિરાજમાન થઈ પોતાની સાદી, સરળ, સચોટ અને વિનયશીલ પ્રભાવક શૈલીમાં જ્ઞાન સરિતા વહેવળાવી કથામૃતનું પાન કરાવી શ્રોતાગણને તૃપ્ત કર્યા હતા. કથા દરમ્યાન આવતા શ્રી રામ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ, રૂક્ષ્મણી વિવાહ વગેરે ઉત્સવની ઉજવણી હર્ષોલ્લાસ સાથે ઉમંગભેર કરવામાં આવી હતી. પોથી યજમાનો આવો અણમોલ લાભ મળવાથી ધન્ય ધન્ય બની ગયા હતા. ૫૦ ભૂદેવો અને ૧૦૮ સાંખ્યયોગી બહેનો સત્શાસ્ત્રનું મૂક પઠન કરતા હતા. સમગ્ર વાતાવરણ આલ્હાદક અને ભક્તિમય બની ગયું હતું.

કથા દરમિયાન આવતા પ્રસંગોને વધુ પ્રભાવક બનાવવા અને શ્રોતાગણમાં કથા શ્રવણના રસની અભિવૃદ્ધિ કરવા સંગીતકાર સંતો સર્વશ્રી સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી હરિજીવનદાસજી તથા સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ સંગીતના સથવારે કીર્તનોની રમઝટ સાથે અદ્ભૂત વાતાવરણનો અનુભવ કરાવ્યો હતો.

ભુજ મંદિરના મહંત સદગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદગુરુ સ્વામી ભાગવદ્‌જીવનદાસજી, સદગુરુ સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની પ્રેરણા આજ્ઞા અને આશીર્વાદથી કોઠારી સંતો સર્વશ્રી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી શ્રીવલ્લભદાસજી, સ્વામી નારાયણદાસજી, તથા સ્વામી હરિપ્રસાદદાસજીના સૂઝસભર માર્ગદર્શન હેઠળ અલગ-અલગ સમિતિના સંતોએ પોતાની કાર્યકુશળતાનો પરિચય આપ્યો હતો.

ફૂલો અને પુષ્પહારની વ્યવસ્થા સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજીએ સંભાળી હતી. પૂજાની અને મહાપૂજાની સેવા સ્વામી રામકૃષ્ણદાસજીએ સંભાળી હતી. જ્યારે ભૂદેવ યજમાનો અને મહેમાનો સહિત તમામની ભોજન વ્યવસ્થા ખૂબજ પદ્ધતિસર અને વ્યવસ્થિત રીતે સમયપાલન સાથે સર્વશ્રી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, તથા સ્વામી કૃષ્ણવિહારીદાસજી એ સંભાળી હતી. રસોડામાં ભોજન સામગ્રી સપ્લાય અને તે સંબંધિત કાર્ય હરિભક્તોએ સંભાળ્યું હતું. જયારે પીરસવાની સેવાનું કાર્ય અલગ-અલગ ગામના ભાઈઓ અને બહેનોએ ખૂબ જ કાળજીપૂર્વક કર્યું હતું અને સૌને આનંદસહ તૃપ્ત કર્યા હતા.

વિશ્વના લાખો હરિભક્તોએ ટી.વી.ના માધ્યમથી કથા શ્રવણનો લાભ લીધો. જેના લાઈવ પ્રસારણનું કાર્ય પાર્ષદ ખીમજી ભગત અને પાર્ષદ દિનેશ ભગતે સંભાળ્યું હતું.

સમૂહ ભાગવત સપ્તાહ પારાયણ પ્રસંગે ભુજ મંદિરે ઠાકોરજીને સોનાના હારની ભેટ અર્પણ કરવામાં આવી હતી. તેના યજમાનોનું સન્માન કરવામાં આવ્યું

હતું. બહેનોને સન્માન મહિલા વિભાગમાં સાં.યો. મહંત શામબાઈ ફઈએ કર્યું હતું

સભાનું સંચાલન પુરાણી. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સ્વામી ઘનશ્યામનંદન દાસજીએ ખૂબ જ સુંદર રીતે કરીને સૌને માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

તા. ૧૭-૦૮-૨૦૨૧ યોજાયેલ નારાયણ યજ્ઞમાં સંતો, ભૂદેવો, યજમાનો હરિભક્તોએ આહૂતિઓ આપી હતી. યજ્ઞના મુખ્ય યજમાન પદે નરનારાયણ નગરના અક્ષર નિવાસી માવજીભાઈ રત્ના ગોરસીયા હસ્તે સુપુત્ર મનજીભાઈ તથા સુનિલભાઈ (પૌત્ર) સપરિવાર રહ્યા હતા.

ભાગવત સપ્તાહ દરમ્યાન ભુજ મંદિર દ્વારા આયોજિત આગામી બે સમૂહ ભાગવત સપ્તાહ કથા પારાયણની જાહેરાત કરવામાં આવી હતી જેની તારીખ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

તા. ૦૫-૧૨-૨૦૨૧ થી તા.૧૧-૧૨-૨૦૨૧ સુધી

તા.૦૨-૦૪-૨૦૨૨ થી તા.૦૮-૦૪-૨૦૨૨ સુધી

પોથી નોંધાવવા માટે તેમજ અન્ય વિગતો આવતા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

---

## ભુજ મંદિર દ્વારા જરૂરીયાતમંદ લોકોને રાશન વિતરણ સેવા

ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની કૃપાથી મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને વડીલ સંતોના આશીર્વાદથી ભુજના લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટના ‘રેનબસેરા’માં રહેતા બેઘર, નિરાધાર, નિઃસહાય જરૂરિયાતમંદ લોકોને ભુજ મંદિર દ્વારા અ.નિ.સ.ગુ.પુ.સ્વામી ઘનશ્યામજીવનદાસજી અને સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે અનાજ, સીધું, વસ્ત્રો, પ્રસાદીનું વિતરણ કરાયું હતું. આ સેવાકાર્યમાં રાપરના અક્ષર નિવાસી પિતાશ્રી બાબુલાલભાઈ દાવડા, બંધુ અક્ષર નિવાસી ભરતભાઈ દાવડાની સ્મૃતિ સાથે ગંગાસ્વરૂપ માતુશ્રી જયાબેન બાબુલાલ દાવડાએ સેવા કરી હતી. આશ્રમવાસીઓને આવી અવાર-નવાર સેવા કરવા બદલ લોકસેવા ટ્રસ્ટ તરફથી ભુજ મંદિરને ‘ઋણ સ્વીકાર’ પત્ર પણ પાઠવવામાં આવેલ છે. ભુજ મંદિર દ્વારા જીવદયા અને માનવ સેવા એ જ સાચી સેવાનો મંત્ર અનેક લોકોને સહાય કરીને સિદ્ધ કરવામાં આવે છે. આ વિતરણ કાર્યમાં ભુજ મંદિરના સ.ગુ.સ્વામી ત્યાગવલ્લભ દાસજી અને સ્વામી જ્ઞાનપ્રિયદાસજી જોડાયા હતા

---

## અંજાર મંદિર દ્વારા ઉજવાયેલ “ભવ્ય હિંડોળા દર્શન ઉદ્‌ઘાટન સમારોહ”

તા.૨૫-૭-૨૧, રવિવારે સાંજે શ્રીઘનશ્યામ મહારાજ સભા મંડપમાં ૫:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી ભવ્ય હિંડોળા ઉદ્‌ઘાટન સમારોહની સભાનું આયોજન કરવામાં આવ્યું સભાના પ્રારંભમાં સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી શાંતિપ્રિયદાસજી, સ.ગુ.શા. સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુ. સ્વામી અદ્‌ભુતચરણદાસજી, પુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી આદિક સંતોની સાનિધ્યામાં “ સ્વામિનારાયણ” મહામંત્રની ધૂન કરવામાં આવી હતી. કચ્છ-વાગડ-અબડાસામાંથી અનેક ભક્તો પધારીને ધૂનનો અમૂલ્ય લાહ્વો લીધો હતો. તત્ પશ્ચાત ૬:૦૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ ધામથી મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવત્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી

જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશ દાસજી આદિક ભુજ-માંડવી પ્રસાદી મંદિરથી નાના-મોટા સંતો પધારીને સભામાં વધારો કર્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શા. સ્વામી દેવચરણદાસજીએ પધારેલા સંતોનું યજમાનો દ્વારા પૂજન કરાવ્યું હતું.

ત્યાર પછી ક્રમશઃ પધારેલા સંતોએ સહુકોઇ નાના-મોટા ભક્તોને પ્રવચનનાં માધ્યમથી આશીર્વાદ પાઠવ્યા હતા. તેમા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ અંજાર શહેરના, વાડી વિસ્તારનાં તથા બેન્સા વિભાગના ભક્તોને ભુજના તમામ સંતોએ કૃપા કરીને અંજારના નજરાણાં સમાન ગગનચુંબી નૂતન મંદિરની ભેટ આપી છે. તેનો સહુ સાંજ-સવારે લાભ લેજો, સત્સંગ કરજો, નિત્ય મંદિરમાં દર્શન કરવાની ભલામણ કરી હતી. સાથો સાથ હિંડોળા ઉત્સવમાં જેને-જેને સેવા કરી હતી, એવા પુ.સ્વામી દેવનંદનદાસજી, પુ. સ્વામી પૂર્ણ સ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી, સ્વામી નિર્ભય સ્વરૂપદાસજી તેમજ નાગલપર વાડી વિસ્તારના યુવાન હરિભક્તોને રૂડા આશીર્વાદ આપીને રાજીપો વ્યક્ત કર્યો હતો.

હિંડોળા ઉત્સવનાં મુખ્ય યજમાન તરીકે અંજાર મહિલા મંદિરનાં મહંત સાં.યો. ત્રિવેણીબાઇ મંગલજી ઠક્કર, ભીમજીભાઇ હરજી ભુડીયા-ફોટડી, અરવિંદભાઇ નારણ ભવાણી-ઈન્દોર વગેરે ભક્તો રહ્યા હતા. સભાના અંતમાં તમામ યજમાનોનું મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવત્જીવનદાસજી, તેમજ અંજાર મંદિરના મહંત સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંતોના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

સાથોસાથ મહંત સાં.યો.ત્રિવેણીબાઇની પ્રેરણાથી અંજાર શહેરનાં ભક્તો દ્વારા શ્રી ઘનશ્યામ મહારજની સન્મુખ ભવ્યાતિ ભવ્ય કાજુનો અન્નકૂટ ધરાવામાં આવ્યો હતો. સાંજે ૭:૦૦ વાગ્યે પધારેલા સંતો અને અંજાર સ્વામિ.મંદિરના વર્તમાન સેવા કરતા સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંતો,યજમાનો દ્વારા હિંડોળાની ઉદ્‌ગાટન આરતી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પધારેલા ભક્તોને, સાં.યો. બહેનોને પ્રસાદ આપવામાં આવ્યો હતો. આવા દિવ્ય હિંડોળાના દર્શન કરવા માટે હરિભક્તોમાં ઘોડાપુર આવ્યું હતું સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અંજાર મંદિરના મુખ્ય કોઠારી શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા કો. સ્વામી શ્રીજીનંદન દાસજી, પુ. સ્વામી કેશવપ્રિયદાસજી તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક, યુવતી મંડળના સભ્યોએ મહા જહેમત ઉઠાવી હતી.

લી. કો.શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, અંજાર

---

## ગુરુપૂર્ણિમા પર્વ - માંડવી

૧૮ પુરાણ આદિ ગ્રંથો ના રચયિતા ભગવાન વેદવ્યાસનો પ્રાગટ્ય દિવસ હોવાથી તેમના સન્માનમાં ગુરુપૂર્ણિમા ઉજવવામાં આવે છે. તે દિવસને વ્યાસ પૂર્ણિમા તરીકે પણ ઓળખાય છે. ગુરુનો એજ અર્થ છે કે અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ આપે.

આ પરમ પવિત્ર દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી મધ્યે વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજના પરમ સાનિધ્યમાં તેમજ મહંત સદગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજી આદિક વડીલ સંતોની આજ્ઞાથી ઉત્સવ ઉજવવામાં આવેલ. શણગાર આરતી બાદ શ્રીઠાકોરજીનું પૂજન સંતો તથા યજમાન પરિવાર દ્વારા કરવામાં આવ્યું. ગુરુપૂર્ણિમાના યજમાન પ.ભ. અરજણભાઈ કુંવરજી કેરાઈ ધ.પ. પૂરબાઈ સુપુત્ર દેવજીભાઈ તથા રામજીભાઈ પૌત્ર નિતિન સામજી, મુકેશ દેવજી, મિતેશ રામજી સપરિવાર પિયાવા માંડવી રહ્યો હતો.

ત્યારબાદ સભામંડપમાં નિત્ય ચાતુર્માસની

કથામા શિક્ષાપત્રી ભાષ્ય તેમજ શ્રીમદ્ ભાગવતની કથા શા.સ્વામી શુકમુનિદાસજી તેમજ પુ.સ્વામી રાઘવમુનિદાસજીએ કરેલ. ત્યારબાદ મુમુક્ષુ જીવાત્માઓને ભગવાન ઓળખાવનાર સંતોનું પૂજન કરવામાં આવેલ. આ મંગલ દિવસે મહંત સ્વામીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપેલ. આ દિવસે દેશ-પ્રદેશમાંથી હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો અને ઉપસ્થિત હરિભક્તો સંતોને ધોતિયા ઓઢાળી પૂજન કર્યું હતું.

સભાની પૂર્ણાહુતી બાદ શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર ચાતુર્માસમાં મહાપૂજા કરવી એ આજ્ઞાને ધ્યાનમાં રાખીને કોઠારી સંતોએ સભામંડપમાં સમૂહ મહાપૂજાનું આયોજન રાખવામાં આવેલ. માંડવી શહેર તેમજ ચારેય કાંધામાંથી હરિભક્તોએ મહાપૂજાનો અલભ્ય લાભ લીધો હતો. પુરાણી સ્વામી રામાનુજદાસજી,પુરાણી સ્વામી વિવેકમુનિદાસજી, સ્વામી મહામુનિદાસજીએ વિધિપૂર્વક પૂજા કરાવેલ. આ સાથે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો.

---

## હિંડોળા ઉદ્‌ઘાટન મહોત્સવ - માંડવી

તા. ૪/૮/૨૦૨૧ આષાઢ વદ એકાદશી બુધવારના રોજ વિશેષ હિંડોળાનું માંડવી મંદિરના વિરાજતા શ્રી વૃંદાવનવિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી,સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી,સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજી, શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીની આજ્ઞાથી હિંડોળા ઉદ્‌ઘાટન મહોત્સવ કરવામાં આવેલ.

અષાઢ-શ્રાવણ પવિત્ર માસમાં આવતા હિંડોળા મહોત્સવ ધામધૂમથી સંપ્રદાયમાં ઉજવાય પણ કચ્છમાં વિશેષ પ્રકારે ઉજવાય છે. તેમાં ભાવિક ભક્તો દર્શનનો લાભ લે છે. માંડવી મંદિરે ૧૨ હિંડોળા સાથે સંપૂર્ણ મંદિર આર્ટિફિશીયલ ફૂલોથી શણગારવામાં આવેલ.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી,સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી સદ્‌ગુરુ, રાપર ગુરુકુલના સંચાલક પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, થાણાના મહંત પુરાણી સ્વામી પરમહંસદાસજી, પુરાણી સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિક ધામોધામથી સંતો પધારેલ.

સંતો તથા માંડવી વિસ્તારના યુવાનોના સહયોગથી સંપૂર્ણ મંદિર આર્ટિફિશીયલ ફૂલોથી શણગારવામાં આવેલ. સાંખ્યયોગી બહેનોએ પણ આ ઉત્સવને શોભાવવા વિવિધ હિંડોળા શણગારીને તૈયાર કર્યા. ઠાકોરજીને રાજી કરવા ગૃહસ્થ બહેનોનો ખૂબ સહકાર મળ્યો હતો.

આ ઉદ્‌ઘાટન સમારોહમાં આશીર્વાદ આપતાં પ.પૂ. મહંત સ્વામીએ આ મહાન સેવાકાર્યોમાં આર્થિક સહયોગ આપનાર દેશ-વિદેશમાં વસતા હરિભક્તોને અંતરના શુભ આશિષ પાઠવતાં વિશેષ જણાવ્યું કે હરિભક્તોની સંપત્તિનો સદ્‌ઉપયોગ મંદિરોમાં કરીને ઠાકોરજીને રાજી કરતા રહેજો અને ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિ થાય એવા શુભ આશિષ સાથે ભગવાન શ્રીસ્વામિનારાયણ તથા વૃદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજની જયઘોષ સાથે આ દિવ્ય દર્શનને દર્શનાર્થી હરિભક્તો માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતાં. સાથે સાથે સંપૂર્ણ મંદિર લાઈટીંગથી શણગારવામાં આવ્યું.રાત્રિએ અલૌકિક રમણીય દર્શન થઈ રહ્યાં હતાં.

સ્થાનિક હરિભક્તો મંદિરમાં કે મંદિરની કોઈપણ વિભાગની સેવા વર્ષોથી કરી રહ્યા છે. આ સેવા જોઈને મહંત સ્વામી,પુ. સ્વામી મુકુંદજીવન દાસજી, પુ.સ્વામી હરિબળદાસજી તથા કોઠારી સંતો ખૂબ રાજી થયા. તે દિવસે મહંત સ્વામીના હસ્તે આશીર્વાદ લીધા. અને દરેક હરિભક્તોને છત્રી આપવામાં આવી હતી. ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન

શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

હિંડોળામાં સેવા કરનાર મુખ્ય ભક્તોમાંઃ- સાં.યો. ઉપમહંત કાનબાઈ તથા શિષ્યમંડળ– માંડવી, જાદવા રામજી ખીમાણી –સપરિવાર -દહીસરા, સાં.યો. નાના મેઘબાઈ શિષ્ય સા.યો. રામબાઈ તથા શિષ્યમંડળ-માંડવી, કાંતિભાઈ મૂરજી મેપાણી સપરિવાર સુખપર - મદનપુર હાલે ટરોરો યુગાંડા, લક્ષ્મણભાઈ લાલજી વરસાણી-નાગલપર, અરજણભાઈ રવજી હાલાઈ-નાગલપર, સાં.યો. મહંત રતનબાઈ તથા શિષ્ય સાં.યો.જશુબાઈ તથા સાં.યો.પુષ્પાબાઈ એવં શિષ્યમંડળ-માંડવી, માવજી રવજી પિંડોરીયા સપરિવાર-માંડવી-કેરૂગોયા, સુરેશભાઈ શિવજી રાબડીયા-લંડન માંડવી, અમરબાઈ લાલજી પિંડોરીયા - રોહા લન્ડન, નારણભાઈ મનજી કેરાઈ સપરિવાર- બળદિયા, હરજીભાઈ ગાંગજી વેકરીયા સપરિવાર-માંડવી, વાલજીભાઈ કરસન હિરાણી - બળદિયા હાલ સિડની, મનજી વિશ્રામ કુંવરજી વરસાણી સપરિવાર- બળદિયા સિડની, આદિ હરિભક્તો ખૂબજ મોટી સેવા કરી હતી. આ સિવાય અન્ય ભક્તો પણ યથા શક્તિ સેવા કરી મહારાજને હિંડોળે ઝુલાવ્યા હતા.

ચાતુર્માસ કથામાં દરરોજના, પાંચ દિવસ, સાત દિવસ, પંદરદિવસ, માસિક તેમજ ૪૫ દિવસ સમગ્ર ચાતુર્માસની કથાના યજમાન બની હરિભક્તો સહભાગી થયા હતા. સંતો તથા સાં. યો. બહેનોએ કથા તેમજ હિંડોળા તેમજ અન્ય ઉત્સવોમાં હરિભક્તોને પ્રેરણા કરી મહારાજનો રાજીપો મેળવ્યો હતો.

માંડવીમાં એક મહિના સુધી દેશ-વિદેશના હરિભક્તો હિંડોળાના દર્શન વ્યસ્થિત કરી શકે એવી વ્યવસ્થા સાથે સૌ ભક્તો પ્રસાદ લઈ શકે એવી સુવ્યવસ્થા ગોઠવાઈ હતી. સ્થાનિક હરિભક્તો બહેનોએ આવનાર હરિભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા સંભાળી હતી. કો. સ્વામી રામપ્રિયદાસજી, કો. સ્વામી રામાનુજદાસજી, કો.સ્વામી સર્વમંગલદાસજી તથા સૌ મંડળના નાના મોટા સંતો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળના યુવાનો યુવતીઓ રાત દિવસ તનતોડ મહેનત કરી હિંડોળા તૈયાર કરેલ હતા. સાં.યો. બહેનોએ પણ યુવતી બહેનોને માર્ગદર્શન પુરું પાળ્યું હતું.

હેવાલઃ- કો.સ્વામી સર્વમંગલદાસજી- માંડવી

---

## હિંડોળા ઉત્સવ -મુન્દ્રા

ભારત તહેવારોનો દેશ છે. તેમાં આપણે અનેક ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવીએ છીએ. તેમાં શ્રાવણ માસમાં હિંડોળા ઉત્સવ આપણા સ્વામિનારાયણ મંદિરમાં ધામધૂમથી અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ માસિક ઉત્સવ ઉજવીએ છીએ. આ માસિક ઉત્સવમાં વિવિધ નવીન હિંડોળામાં ભગવાનને ઝુલાવીએ છીએ આવા ભવ્ય દર્શન કરી અને મુમુક્ષુ જીવો પોતાના હૃદયરૂપી બ્રહ્મમહોલમાં હિંડોળા ઝૂલાવાની અનુભૂતિ કરે છે. હૃદયમાં મહારાજની પ્રતિષ્ઠા થાય અને જીવોને દિવ્ય આનંદ મળે એ હેતુથી બારોઈ રોડ મુન્દ્રા સ્વામિનારાયણ મંદિરમાં પંદર હિંડોળમાં મહારાજને ઝુલાવી અને દિવ્ય આનંદ મેળવ્યો હતો. હિંડોળાના ઉદ્ઘાટન સમયે ભુજ મંદિરથી સદ્ગુરુ સ્વામી શ્રીહરિદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતો તથા મહિલા મહંત બાઈની આજ્ઞાપદે કેરા, કુંદનપુર, ભુજ અને માનકુવા આદિ ગામોથી સાંખ્યયોગી બહેનો પધાર્યાં હતાં. હિંડોળાના ઉદ્ઘાટન મુખ્ય યજમાન પદે સાં.યો. સામબાઈ લાલજી ભુવાની પ્રેરણાથી પ.ભ. હરિશ ધનજી વાઘડીયા - કેરા તથા પ.ભ. રવજી જાદવજી ખીમાણી - દહીંસરા આદિ બીજા ૨૫ હરિભક્તોએ પણ શક્તિ અનુસાર સેવા કરી હતી અને સત્સંગીઓએ દર્શનનો લાભ લીધો હતો.

---

## માંડવી મધ્યે સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ એવં નારાયણયાગનું આયોજન

માંડવી મંદિરમાં વિરાજતા શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના ચરણોમાં મહંત સ.ગુ.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની આજ્ઞા અને સ.ગુ.સ્વામી મુકુંદજીવનદાસજી સ.ગુ.સ્વામી હરિબળદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતોના સાનિધ્યામાં આક્ષરનિવાસી થયેલ પુણ્યાત્માઓની સ્મૃતિમાં સમૂહ શ્રીમદ્ભાગવત શાસ્ત્રની સપ્તાહ પારાયણ તથા નારાયણ યાગનું આયોજન રાખેલ છે. સવંત ૨૦૭૮ કાર્તિક વદ ૧૩ થી માગસર સુદ- ૬ તા. ૦૨-૧૨-૨૦૨૧ ગુરુવારથી તા.૦૯-૧૨-૨૦૨૧ ગુરુવાર દરમિયાન આ દિવ્ય આયોજન થશે.

સૌ કોઈ દેશ - વિદેશમાં વસતા હરિભક્તો આ આયોજનમાં પોથી નોંધાવી સાથે અન્ય સેવા નોંધાવી સહભાગી થઈ શકો છો. પોથી તથા અન્ય માહિતી માટે ૯૮૭૯૫૩૦૮૯૯ આ નંબર ઉપર સંપર્ક કરી શકે છો.

---

## શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-માંડવી

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ - વિદ્યાલય માંડવીના જીર્ણોદ્ધાર એવં રાષ્ટ્રીય પર્વ પ્રસંગે તા. ૧૩-૦૮-૨૦૨૧ થી તા. ૧૫-૦૮-૨૦૨૧ સુધી શ્રીહરિયાગ સહ ત્રિરાત્રીય સત્સંગ સભા કાર્યક્રમ સંપન્ન થયો.

તા.૧૩-૦૮-૨૧ના રોજ પ્રથમ દિને ગવૈયા સ્વામી નિર્ભયચરણદાસજીએ કવિસમ્રાટ બ્રહ્માનંદસ્વામીના જીવન-કવન વિષે ચિંતનાત્મક વ્યાખ્યાન રજૂ કરી સંપ્રદાયમાં સ્વામીના સાહિત્ય પ્રદાનની સૂક્ષ્મ વાતોથી શ્રોતાઓને અવગત કર્યા હતા. બાદ માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ વિદ્યા સાથે સંસ્કારથી સમન્વિત થયેલ શિક્ષણ સ્વજીવનનો ઉત્કર્ષ સાધી શકે એવું શિક્ષણ આપતી સંસ્થા એટલે શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ છે વગેરે અંતરના રુડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા.૧૪ - ૮ - ૨૧ના દ્વિતીય દિને શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ શિક્ષણ સાથે સંસ્કારનું મહત્ત્વ એ વિષય ઉપર મનનીય વકતવ્ય આપ્યું હતું. ત્યાર બાદ શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ નેશનલ એજ્યુકેશન પોલીસી - ૨૦૨૦ અંતર્ગત શિક્ષણનીતિના વિચારો વ્યક્ત કર્યા હતા અને બાદ માંડવી મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ શિક્ષણથી સત્સંગ-સમાજ રાષ્ટ્રના ઉત્કર્ષની વાતોથી યુવાધનને વાકેફ કર્યા હતા.

તા.૧૫-૮- ૨૧ ના તૃતીય દિને હરિયાગના શુભ પ્રારંભની સાથે સ્વાતં૪ યદિનની શુભ શરૂઆત થઈ સવારે ૮-૩૦ કલાકે ભુજ મંદિરના ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી આદિ વડીલ સંતોના વરદ્ હસ્તે એવં સંચાલક સંતો, ટ્રસ્ટીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વિદ્યાર્થીઓ, મહેમાનો વગેરેની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય ધ્વજવંદન કાર્યક્રમ રાષ્ટ્રીય ગીતના બુલંદ નાદ સાથે સંપન્ન થયો હતો. બાદ વિશાળ સત્સંગ સભાનું આયોજન તેમાં શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ વ્યાસાસને બેસી ભણતરનું મહત્ત્વ સાથે રાષ્ટ્રીય મહત્ત્વનું વ્યાખ્યાન આપ્યું. બાદ ખાસ આ પ્રસંગે ભુજ મંદિરથી મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, કો. પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા ભુજ મંદિર હેઠણ ચાલતી શૈક્ષણિક સંસ્થાના સંચાલક સંતો તથા આ જ સંસ્થામાં અભ્યાસ કરી ભગવતી દીક્ષાને ગ્રહણ કરી સાધુ થયેલા ૨૭ સંતો, પૂર્વ વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓ, માંડવી ચારે કાંધાના હરિભકતો પધાર્યા હતા. પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, જાદવજી ભગત આદિ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

બાદ સંકુલ બાંધકામમાં તમ,મન,ધન થી સેવા કરનાર દાનવીર દાતાશ્રીઓની સંતોના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યા હતા. તેમજ આ જ શાળામાં અભ્યાસ કરી વિવિધ સિદ્ધિ પ્રાપ્ત કરનાર પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સભા બાદ નૂતન જીર્ણોદ્ધાર થયેલ શાળા ઓફિસ, છાત્રાલયનો નૂતન દ્વાર, મિટિંગ હોલ, ભોજનાલય તથા પ્રાર્થના હોલના પરિવર્તિત ભવનોનાં ઉદ્‌ઘાટન પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતો તથા દાતાશ્રીઓના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. બાદ હરિયાગની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આજ સપરમાં દિને રાત્રિયે સત્સંગ સભામાં મુંબઈ થાણા મંદિરના સંચાલક સ.ગુ. પુ. સ્વામી પરમહંસદાસજી માનવ તરીકે જીવન કેવી રાતે જીવવું, વિષય પર જીવન ઘડતરનું વ્યાખ્યાન કર્યું હતું. બાદ વિદ્યાર્થીઓ દેશ ભક્તિના ગીત સાથે નૃત્ય રજૂ કર્યું હતું. સેવા કરનાર ભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાત્રીએ દરેક સભામાં તથા ૧૫મીના પર્વ પ્રસંગે શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, પુ. સ્વામી મુનિશ્વરદાસજી, પુ. સ્વામી બદ્રિશ્વરદાસજી આદિ મંડળના સંતો તથા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ તથા પૂર્વ વિદ્યાર્થીઓ સહ મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સભા સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના સંચાલક શા. સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી, સ્વામી હૃદયપ્રકાશદાસજી મંડળના સંતો તથા વિદ્યાર્થીઓ, નાગલપરના હરિભક્તોની સાથે યુવક-યુવતી મંડળના દરેક સભ્યોએ સંતોની આજ્ઞાનુસાર સેવામાં સહયોગ સાંપડ્યો હતો.

- સંચાલકશ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ - માંડવી

---

## આધોઈ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર આધોઈમાં સૌપ્રથમવાર પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન એક મહિના સુધી તા. ૦૯-૦૮-૨૦૨૧ થી ૦૬-૦૯-૨૦૨૧ સુધી શ્રીમદ્ ભાગવત એવં શ્રી રામચરિત્ર માનસ કથાનું ભવ્ય આયોજન ચાલી રહ્યું છે. નૂતન મંદિર આધોઈ ત્રણ વર્ષ પહેલાં નિર્માણ થયું ઐતિહાસિક એવં પ્રસાદીભૂત આ સ્થાન ઉપર નિષ્કુળાનંદ સ્વામીને શ્રીજીમહારાજે દીક્ષા આપી હતી. બાદ સ્વામી એ અહીં જ રહીને પોતાની કલમ ચલાવી યમદંડ ગ્રંથનું નિર્માણ કર્યું. એવી ભૂમિ પર નૂતન મંદિરનું નિર્માણ થાય બાદ સત્સંગનો વ્યાપ થયો છે. ત્યારે પરમ પૂજ્ય સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞાથી વર્તમાન મંડળધારી ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીનું મંડળ વાગડ પ્રાંતમાં વિચરણ કરતું હોવાથી એક માસ પર્યંત જ્ઞાન યજ્ઞનો પ્રવાહ વહેતો રાખ્યો છે. જેના વક્તા પદે પુરાણી સ્વામી હરિકૃષ્ણદાસજી, શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજી કથાનું રસપાન કરાવી રહ્યા છે. અન્ય મંડળના સંતો પૂજ્ય સ્વામી અક્ષરવલ્લભદાસજી, પૂ. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, પૂ. સ્વામી ઘનશ્યામકેશવદાસજી, પૂ.સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, પૂ. સ્વામી નીલકંઠમુનિદાસજી, પૂ. સ્વામી ઘનશ્યામદાસજી, સ્વામી ભકિતપ્રસાદદાસજી, સ્વામી નૌતમપ્રકાશદાસજી આદિ સંતો અહીં રોકાઈને કથા વાર્તાનો લાભ આપી રહ્યા છે. આ પ્રસંગે શિવપાર્વતી વિવાહ, રામ કૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ, ગોવર્ધન ઉત્સવ, ફળ ફૂટ ઉત્સવ, રામ-વિવાહ આદિ પ્રસંગો ધામધૂમથી ઉજવાશે તા. ૦૫-૦૯-૨૦૨૧ ના

આ પ્રસંગે ઉજવણી શ્રાવણ માસ નિમિત્તે રાખેલ છે

અહેવાલઃ- શા. સ્વામી આનંદવલ્લભદાસજી

---

## શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શ્રી સ્વામિનારાયણ મંદિર માધાપર ૧૨૫ વર્ષના ઉપલક્ષમાં સંતોના હસ્તે ભવ્ય વૃક્ષારોપણ ...

पेडों को करेंगे नष्ट तो सास लेने में होगा कष्ट ।

આ પંક્તિને સાર્થક કરવા માટે દેશ-દુનિયા જાગૃત બની છે પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વર્ષોથી આ પંક્તિ સાર્થક કરતો આવ્યો છે. વર્ષો પહેલા સ્વામિનારાયણ ભગવાન સમગ્ર ભારતના ઉદ્ધારને માટે ગામોગામ દેશોદેશ ફરી ભક્તોને સત્સંગ કરાવતા અને પ્રકૃતિનું મહત્ત્વ સમજાવતા. વચનામૃતમાં નજર નાખીએ તો જાણવા મળે કે શ્રી સ્વામિનારાયણ ભગવાન ગામો-ગામ ફરી અને લીંબના વૃક્ષ નીચે હરિ ભક્તોને ભક્તિ ભજન, સત્સંગ કરાવતા.

જયારે ભુજમાં શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ આવી રહ્યો છે ત્યારે સંતો દ્વારા આ દેશ-દુનિયાના લાભાર્થે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમ કે ચાલો ભજન કરીએ..., ચાલો વૃક્ષોનું જતન કરીએ વગેરે. આ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ, સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા તાઃ ૧૯/૦૮/૨૦૨૧ ના રોજ ગામ માધાપર મધ્યે પ્રસાદીનું પવિત્ર સ્થળ મેઘજીરાઇ તળાવ કે જેને છતેડી તરીકે પણ ઓળખવામાં આવે છે ત્યાં સંતોના સાથે ભવ્ય વૃક્ષારોપણ કરવામાં આવ્યું. પ્રસંગને અનુરૂપ પુરાણી સ્વામી ઘનશ્યામનંદનદાસજી દ્વારા ભક્તોને કથા શ્રવણનો લાભ મળ્યો.

ભક્તોનો ઉત્સાહ, સંતોની રાત-દિવસની મહેનત હોય પરંતુ દાતાશ્રીઓનો સાથ સહકાર ન હોય તો કોઈ પણ કાર્ય પૂર્ણ થતું નથી. માટે, આ ઘડીએ યાદ કરશું એ પ.ભ. શ્રી શિવજી ધનજી પિંડોરિયા, ગામઃ માધાપર, પ. ભ. શ્રી રામજી વાલજી હિરાણી, ગામઃ માધાપર, પ.ભ. શ્રી કિશોરભાઈ ગામઃ બળદિયા તેમજ નાના-મોટા નામી અનામી ભક્તો દ્વારા ૨.૫ એકર જમીનને સંતુલિત કરવાથી માંડી અને વૃક્ષોના જતન સુધીની સેવા પેટે દાન આપવામાં આવ્યું હતું. શત-શત વંદન છે આ દાતાશ્રીઓને કે જેઓ વિના વિચાર સત્સંગ માટે લાખોનું દાન કરે છે.

કોઈ પણ કાર્ય થતું હોય અને શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજના મહંત સદ્. પૂ, સ્વામી ધર્મનંદનદાસજી સ્વામી, ઉપમહંત સદ્.પૂ. સ્વામી ભગવતજીવન દાસજી, પાર્ષદ જાદવજી ભગત આદિક સંતો હાજર ન હોય તો પ્રસંગ સાર્થક થયો ન કહેવાય. સર્વે સંતોના આશીર્વાદ અને રોપેલ તમામ વૃક્ષોના જતનની નેમ સાથે આ પ્રસંગને સમાપ્ત કરવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વામી કપિલમુની દાસજી એ સંભાળ્યું હતું

---

## માનકુવા ભક્તિનગર

શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગરમાં વચનામૃતની અને ૨૦મી પારાયણ પૂર્ણ થતાં રાસોત્સવ. તેમજ ધૂન રાખવામાં આવેલ. કોરોના મહામારીના લીધે કેટલાક ઉત્સવો બંધ હતા. ઉત્સવમાં અમારું આખું મંદિર સત્સંગી બહેનોથી ભરાઈ ગયું હતું. અમારા સાં.યો. મહંત પુરબાઈ ફઈ આશીર્વાદ આપ્યા કે જાણે આ અક્ષરધામની સભા છે. પ્રસાદીના યજમાન પદે શાંતાબેન, અમરબેન, રમીલાબેન રહ્યાં હતાં. અને તા. ૦૭-૦૮-૨૦૨૧ શનિવારના હિંડોળાનું ઉદ્‌ઘાટન કરવા સ્વામી ભક્તવત્સલદાસજી તેમજ અન્ય સંતો પધાર્યા હતા.

અહેવાલઃ જોધાણી રમીલા દેવજી માનકુવા-ભક્તિનગર

# : શ્રીઘનશ્યામ બાળસંદેશ :-

## કચ્છ ભુજના હીરજીભાઇનો હરિ

લેખક :- શા.સ્વામી સંતસ્વરૂપદાસ

શ્રીજી મહારાજના લાડીલા બાળકો ! જયશ્રી સ્વામિનારાયણ, મહારાજને બાળકો પ્રત્યે અપાર પ્રીતિ હતી. શ્રીજીમહારાજ જ્યાં જ્યાં વિચરણ કરતા ત્યાં ત્યાં ભક્તોના દૂ:ખને દૂર કરતા. તેમના ભક્ત માથે આવેલા સંકટને પોતાનું સમજીને તેઓ ટાળી દેતા.

શ્રી હરિ કચ્છ પ્રદેશમાં વિચરણ કરે છે. શ્રીજીમહારાજ ભુજથી માનકુવા પધાર્યા. તેજશી સુથારને ઘેર રહ્યા. નિત્ય કથા-વાર્તા કરી ભક્તોને નવો નવો આનંદ ઉપજાવતા, અને દરરોજ ગામ બહાર વિચેશ્વર સરોવરમાં સ્નાન કરી મહાદેવજીની પૂજા કરતા. ત્યાંથી કોડકી ગંગાજીમાં સ્નાન કરી પાછા માનકુવા પધારતા. આમ દશ દિવસ સુધી માનકુવાના ભક્તને સુખ આપી ત્યાંથી સંત-પાર્ષદો સહિત પાછા તીર્થધામ ભુજ પધાર્યા.

ભુજમાં સુથાર હીરજીભાઇના ઘરે ઉતારો કર્યો. તે સમયે હીરજીભાઇને ત્યાં બે મહિના પહેલાં બીજા દીકરાનો જન્મ થયો હતો. હીરજીભાઇએ તેનું નામ હરિ પાડયું હતું.

શ્રીજીમહારાજે આ ખુશ ખબર જાણ્યા. બાળસ્નેહી શ્રીહરિએ નાનકડા હરિને જોવાની ઇચ્છા દર્શાવી. હીરજીભાઇએ બાળક હરિને લઇને શ્રીજીમહારાજ પાસે આવ્યા. હરિ દેખાવમાં રૂપાળો હતો, પણ તેની માતાને મંદવાડ હોવાથી બાળકનું પોષણ થતું ન હતું. આથી બાળક હરિ તો દિવસે દિવસે અતિ દૂબળો થતો જતો હતો. બાળકને આવો દૂબળો જોઇને શ્રીજીમહારાજે બાળકની ચિંતા કરતાં બાળકના પિતા હીરજીભાઇને પૂછ્યું : 'કેમ હીરજીભાઇ ! ઘરમાં ખાવાનું ખૂટી ગયું છે કે શું ? આ અમારા હરિને સાવ દૂબળા કેમ કરી દીધા છે ? હરિને તેની માતા કેમ પોષણ કરતાં નથી ?'

ત્યારે હીરજીભાઇએ દુ:ખી થતાં જવાબ આપ્યો, 'મહારાજ ! ઘરમાં ખાવાની તો કોઇ ખોટ નથી. પરંતુ.. હરિના જન્મ પછી તેની મા બીમાર થઇ ગઇ છે. માંદગીને કારણે સારાં ખોરાક-પાણી લઇ શકતાં નથી. શરીર અશક્ત હોવાથી હરિને ધવરાવી શકતાં નથી. માતાના દૂધ વગર બાળકમાં બળ કયાંથી આવે ? તેથી એની આવી દૂબળી હાલત થઇ છે.' આટલું કહેતાં હીરજીભાઇની આંખો આંસુથી ભરાઇ આવી.

બાળકની હાલત અને હીરજીભાઈની સ્થિતિ જોઇને મહારાજને દયા આવી. તેમણે હીરજીભાઇને આશ્વાસન આપતાં કહ્યું : 'તમે જરા પણ મૂંઝાશો નહિ. હવેથી આ બાળકનું પોષણ અમે કરશું. લાવો, બાળકને અમારી નજીક લાવો.'

હીરજીભાઇને આશ્ચર્ય થયું ! 'શ્રીજીમહારાજ બાળકનું પોષણ કેવી રીતે કરશે ?' પણ પછી શ્રીજીમહારાજ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિથી તેમને ખ્યાલ આવ્યો કે, 'શ્રીજીમહારાજ તો સર્વોપરી ભગવાન છે, ધારે તે કરી શકે !' તેમણે બાળક હરિને શ્રીહરિનાં ચરણોમાં મૂક્યો. શ્રીહરિ બાળક સામે નજર કરી, પછી હળવેથી શ્રીજીમહારાજે પોતાના જમણા ચરણારવિંદનો અંગૂઠો બાળકના મુખમાં આપ્યો. બાળક હરિ બંને હાથથી મજબૂત રીતે અંગૂઠો પકડી, મોંમાં મૂકી ચસ-ચસ ચૂસવા લાગ્યો. શ્રીહરિએ અમૃતરસનો સ્વાદ મૂક્યો તેથી ખુશ થતો ભાગ્યશાળી બાળક ઘણીવાર સુધી અંગૂઠો ચૂસતો રહ્યો. શ્રીજીમહારાજ બાળકની માતા બનેની બાળક પર વાત્સલ્યના ભાવો વરસાવતા રહ્યા. થોડીવાર બાદ બાળક તૃપ્ત થઇને શ્રીજીમહારાજ સામું જોઇ મરક-મરક હસવા લાગ્યો. આ જોઇ શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા.

પછી તો જ્યારે જ્યારે બાળકને ભૂખ લાગતી ત્યારે મહારાજ તેને પોતાનો અંગૂઠો ધાવવા આપતા. આમ જોતજોતાંમાં સાવ સૂકલકડી બાળક તાજોમાજો થઇ ગયો. સૌ શ્રીજીમહારાજના આ દિવ્ય ચમત્કારને જોઇ આશ્ચર્ય પામ્યા. બાળક પ્રત્યે વહેતી તેમની માતા સમાન મમતાને લાખ લાખ વંદન કરતા રહ્યા.

બાળભક્તો! આવા હતા આપણા વહાલા મહારાજ ! પોતાના ભક્તની રક્ષા પોતે સ્વયં કરે છે. જો તમે ભગવાનના બનશો તો ભગવાન તમારી સાથે જ હશે. અને તમારું રક્ષણ કરશે.

માટે એટલું યાદ રાખજો કે 'હું હરિનો હરિ છે મમ રક્ષક'

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાનમાળા:-

૧. હિન્દુ દેવોમાં પ્રથમ પૂજા કોની કરવામાં આવે છે ?
(અ) બજરંગબલી (બ) ગણપતિ
(ક) મહાદેવ (ડ) વિષ્ણુ

૨. ભગવાન વામનના પિતાનું નામ શું છે
(અ) કશ્યપ મુની (બ) પરાશર મુની
(ક) વેદમાન (ડ) બૃહસપતિ

૩. પંચામૃતના નામ આપો ?
(અ) દૂધ,સાકર (બ) મધ,કેશર
(ક) ઘી, મધ (ડ) દહી

૪. ભગવાન ગણેશજીની માતાનું નામ ?
(અ) સરસ્વતી (બ) લક્ષ્મીજી
(ક) સાવિત્રી (ડ) પાર્વતી

૫. વામન ભગવાનની માતાજીનું નામ શું છે ?
(અ) અનસુયા (બ) આદિતિ
(ક) દિતિ (ડ) સતી

૬. ભગવાન ગણેશજીના ભાઈનું નામ શું છે ?
(અ) સનક (બ) લંબોદર
(ક) કાર્તિક (ડ) ધુમ્રકેતુ

૭. પંપા સરોવર કયા રાજ્યમાં આવેલું છે ?
(અ) મહારાષ્ટ્ર (બ) તામીતનાડુ
(ક) કેરલા (ડ) કર્ણાટક


૮. વામન ભગવાનનું મૂળ નામ શું હતું ?
(અ) સત્યકામ (બ) ઈન્દ્ર
(ક) જીતેન્દ્રીય (ડ) ઉપેન્દ્ર

૯. ભાદરવા સુદ ૪ ના કોની પૂજા કરવામાં આવે છે ?
(અ) સુમુખ (બ) કપીલ
(ક) ગજકર્ણ (ડ) ભાલચંદ્ર

૧૦. છ પ્રકારના રસોનાં નામ આપો ?
(અ) કળવો,તીખો (બ) મીઠો,તુરો
(ક) ખાટો,ખારો (ડ) તમતમો, ચટીકેદાર

## -: શબ્દ રચના :-

સનાતન હિન્દુ ધર્મ અને આપણા સત્સંગમાં ભગવાન અને સંતો દ્વારા અપાયેલા કેટલાક ઉપદેશને ગીતા એવા નામથી કહેવામાં આવે છે. એવી દશ ગીતાઓના નામ નીચે આપેલા કોયડા માં ગોઠવીને લખો. ઉદાહરણ માટે બે ગીતાનાં નામો મુકેલા છે.




બોલો, એ કોણ ?

નથી એ મેઘ, તોય ઘનશ્યામ છે,
નથી એ મોર, તોય નીલકંઠ છે,
નથી એ કાળો, તોય કૃષ્ણ છે,
નથી એ સિંહ, તોય હરિ છે,
નથી એ યુધિષ્ઠિર, તોય ધર્મ પુત્ર છે,
નથી એ જ્ઞાનવૈરાગ્ય,તોય ભક્તિ પુત્ર છે,
નથી એ મૂક, તોય નારાયણમુનિ છે,
નથી એ રાજવી, તોય ત્રિભુવનપતિ છે.

## -: ઉખાણાં :-

અમે બન્ને પાકા મિત્રો, હળી મળીને કરીએ કામ;
પાંચ પાંચ સેવક સંગાથ, વાત ન કરીએ કોઈની સાથ.
કરે અળવીતરાઈ એવી, દિવસ-રાતો કેમે સહેવી?;
તપતો તપતો તપારો, બપોરે મળે ના જપારો.
પગે, આંખે, ચાંચે પીળાં, અક્કડ ચાલ ચાલે;
જીવડાં નાનાં વીણી ખાય, કલબલાટમાં ભારી ભાઈ.

વિદેશ સમાચાર

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર- લંડન કેન્ટન હેરો

રવિવાર તા. ૦૧-૦૮-૨૦૨૧ ના દિવસે શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર લંડનની વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવેલ જેમાં મંદિરના સહ ખજાનચી શ્રી ધર્મેન્દ્રભાઈ ધનજી જોસાણીએ આવક-જાવકનો હિસાબ વાંચી સંભળાવેલ, અને આપ જાણો છો કે ટ્રસ્ટી શ્રી ધનજીભાઈ કરસન વરસાણી અક્ષરનિવાસ થયેલા એટલે કે નવા ટ્રસ્ટીની પણ ચૂંટણી કરવામાં આવેલી હતી, અને વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૨ કાર્યવાહી કમિટીની ચૂંટણી કરવામાં આવેલ જેની નામાવલી નીચે મુજબ છે.

એક નવા ટ્રસ્ટની ચુંટણીઃ- ટ્રસ્ટી શ્રી વિરજીભાઈ પરબત પટેલ ગામ-કેરા

મુખ્ય હોદ્દેદારીઃ- પ્રમુખ શ્રી સુરેશભાઈ શિવજી રાબડીયા - માંડવી, ઉપપ્રમુખ શ્રી કાનજીભાઈ મનજી કેરાઈ-રામપર, મંત્રી શ્રી રીકીનભાઈ દિનેશ કેરાઈ- માંડવી, સહમંત્રી શ્રી હરીશભાઈ કરસન જેસાણી- દહીંસરા, સંયુક્ત ખજાનચી શ્રી લલિતભાઈ કરસન ભંડેરી-માંડવી, સંયુકત ખજાનચી શ્રી ધર્મેન્દ્રભાઈ ધનજી જેસાણી- બળદિયા.

સભ્યોઃ- મનજીભાઈ કેશરા હિરાણી- સુખપર રોહા, અરવિંદભાઈ કરસન ભંડેરી-માંડવી, અરવિંદભાઈ પ્રેમજી હાલાઈ-દહીસરા, ધીરજભાઈ ધનજી રાબડીયા- વાડાસર, જાદવજીભાઈ કાનજી કેરાઈ-બળદિયા, ભાવેશભાઈ દિનેશ કરસન- દહીસરા, નારણભાઈ વેલજી ભુડીયા- નારણપર, દેવજીભાઈ કરસન માયાણી-દહીંસરા, વાલજીભાઈ વિશ્રામ કારા-માંડવી, વિનેશભાઈ વાલજી પીંડોરીયા- સખુપર રોહા, વિકાસભાઈ રજનીકાંત ભંડેરી-વાડાસર.

પ્રમુખ શ્રી સુરેશભાઈએ જણાવેલ કે આપણે શ્રી ઘનશ્યામ મહારાજનો રજત જયંતી મહોત્સવન ભૂતો ન ભવિષ્યતિ રીતે ઉજવવાનો છે એટલે બધા હળી-મળીને સાથે રહેશું તો ઉત્સવ અભિવૃદ્ધિ ને પામશે.

અહેવાલઃ- પ્રમુખ શ્રી સુરેશભાઈ શિવજી રાબડીયા

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૨૦૧ | - કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા |
| ૨૫૧ | - જાદવા નારણ પિંડોરીયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - નારણપર (ની.વા) |
| ૨૫૧ | - કરસન માવજી વરસાણી જન્મદિવસ નિમિત્તે - મીરઝાપર |
| ૨૫૧ | - પિંડોરીયા અશ્વિન કિશોરભાઈ જન્મદિવસ નિમિત્તે - માધાપર |
| ૨૦૦ | - દક્ષિતભાઈ માવજી રાઘવાણી નવી બાઈક લીધી તે નિમિત્તે- બળદિયા |
| ૨૦૧ | - અ.નિ.નાનજી મનજી વરસાણી હિંડોળા નિમિત્તે - માનકુવા |
| ૩૧૧ | - રામજી વાલજી જેસાણી જન્મદિવસ નિમિત્તે - બળદિયા |
| ૨૫૧ | - નીતાબેન મનોહરન ભુવા વૃક્ષારોપણ નિમિત્તે- કોઈમ્બતુર |
| ૨૫૧ | - માસ્તર શીવજીભાઈ સ.ગુ.પુ.મહંત સ્વામી ધર્મનંદનદાસજીના પ્રસંતાર્થે- માધાપર |
| ૨૫૧ | - માસ્તર શીવજીભાઈ સ.ગુ.પુ.મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આજ્ઞા મુજબ માધાપર છતેડી તળવમા વૃક્ષારોપણ થતાં. માધાપર |
| ૨૫૧ | - શીવજીભાઈ ધનજી પિંડોરીયા વૃક્ષારોપણ નિમિત્તે - માધાપર |
| ૨૫૧ | - નરેશભાઈ શીવજી પિંડોરીયા વૃક્ષારોપણ નિમિત્તે - માધાપર |








વિશેષ હિંડોળા ઉત્સવ ઉદ્‌ઘાટન કરતા ભુજ - માંડવી મંદિરના મહંત સ્વામી આદી સંતો સાથે યજમાનશ્રીઓ - માંડવી




ગુરુપૂર્ણિમા દિને મહાપૂજા, શ્રીઠાકોરજી તથા સંતોનું પૂજન તથા નાળિયેર ઉત્સવ - માંડવી







સંસ્કારધામ જીર્ણોદ્ધાર પ્રસંગે હરિયાગ તથા ત્રિરાત્રીય સત્સંગ સભા - માંડવી

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2021/UPTO 31-12-2021



કોરોના કાળ પછી અ.નિ. આત્માઓની પુણ્ય સ્મૃતિમાં સમૂહ શ્રીમદ્‌ભાગવત્ સપ્તાહ પારાયણનું ભવ્ય આયોજન કરાયું - ભુજ



ભુજ મંદિરના યુવા સંત સ્વામી ઘનશ્યામવિહારીદાસજીનો અક્ષરવાસ તથા શ્રદ્ધાંજલિ સભા - ભુજ